Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૯ મું. અંક ૯ મો.

માર્ગશિર્ષ સંવત ૧૯૮૦

अनुक्रमणिका.

૧ નૂતન વર્ષ. (પદ્ય) રા. સુંદર. .... .... .... .... ૨૬૩
૨ દીવાળી દર્શન. (પદ્ય) ,, .... .... .... .... ૨૬૪
૩ કૃષ્ણવાસુદેવે બતાવેલો ખેદ. (પદ્ય ૧-૨) .... .... ૨૬૫
૪ શ્રીમાન્ વર્ગને શિખામણ (ભીખાભાઇ છગનલાલ) ૨૬૬
૫ નંદી સ્તુતિઓનો અર્થ-વ્યાખ્યા. (સ. ક. વિ.) .... ૨૬૭
૬ પ્રશ્નોત્તર-પ્રશ્નકાર ઓધવજીભાઈ ગીરધર. (૧-૨) ૨૬૯
૭ પુષ્પોનો પરિમલ. (અમૃત) .... .... .... ૨૭૮
૮ કર્મની વેદીપર ( મુનિ ચમરેંદ્રવિજય ) .... .... ૨૭૯
૯ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય. .... .... .... ૨૮૨
૧૦ વર્તમાન યુગમાં નોવેલોનું સ્થાન. (મુનિ દર્શનવિજય) ૨૮૬
૧૧ આત્મવિકાસ અર્થે મનને બોધ. (અમૃતલાલ છોટાલાલ) ૨૯૦
૧૨ પ્રભુ પ્રાર્થના. (દુહા) .... .... .... .... ૨૯૨
૧૩ અત્યંત ખેદકારક નોંધ. .... .... .... .... ૨૯૨
૧૪ એક ઓળખાણ. .... .... .... .... .... ૨૯૩
૧૫ વર્તમાન સમાચાર. .... .... .... .... ૨૯૪
૧૬ પુસ્તકો વિગેરેની પહોંચ. .... .... .... .... ૨૯૫

ર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦
સ્ટેજ રૂ. ૦-૪-૦

પ્રગટ કર્તા.
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારું પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

૧ છપાય છે.

૧ શ્રી [illegible] કલ્પસૂત્ર. આવૃત્તિ ત્રીજી.
૨ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર-વિભાગ ૨ જો.
૩ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. વિભાગ ૧ લો. આવૃત્તિ ત્રીજી.
૪ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૭-૮-૯ (આવૃત્તિ ત્રીજી)
૫ શ્રી વર્ધમાન દેશના પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે.
૬ શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય (જૈન ધર્મ પ્રકાશમાંથી).
૭ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૩ થી ૬. આવૃત્તિ ૩ જી
૮ શ્રી ચઉશરણ વિગેરે ચાર પયન્ના. મૂળ. આવૃત્તિ બીજી.
૯ શ્રી ભોજ પ્રબંધ ભાષાંતર.
૧૦ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. મૂળ, સાર્થ. કથાઓ સહિત.

### ૨. તૈયાર થાય છે.

૧૧ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૧૨ શ્રી પ્રકરણ પુષ્પમાળા. વિભાગ ૩ જો. (નાના નાના પ્રકરણો-સાર્થ.)
૧૩ ચારે દિશાના તીર્થોની તીર્થમાળા. (સાર્થ)

---

## સંબોધ સિત્તરી પ્રકરણ. ભાષાંતર સહિત.

ગાથા ૧૨૫ અર્થ સહિત અને તેમાં આવેલા અનેક વિષયોની અનુક્રમણિકા સાથે સભા તરફથી છપાવીને બીજી આવૃત્તિ તરીકે હાલમાં બહાર પાડવામાં આવી છે. કિંમત ત્રણ આના.

સાધુ સાધ્વીને તેમજ સંસ્થાઓ વિગેરેને ભેટ આપવા માટે નકલ પચાસ આ સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ તેમના સદ્દગત પત્ની રૂપાળીના શ્રેયાર્થે રાખેલી છે. મંગાવનાર સંસ્થા વિગેરેએ પોસ્ટેજ એક આનો મોકલવો.

### બાળકોના હિતને માટે નાના નાના ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ જય વિજય કથા. | ૦-૩-૦ | ૨ કળાવતી વિગેરેની કથા. | ૦-૩- |
| ૩ શુકરાજ ચરિત્ર. | ૦-૪-૦ | ૪ સરસ્વતી વિગેરેની કથા. | ૦-૪- |
| ૫ સુરપાળ વિગેરેની કથા. | ૦-૩-૦ | ૬ યશોધર ચરિત્ર. | ૦-૬- |
| ૭ બાર વ્રત ઉપર ૧૨ કથા. | ૦-૪-૦ | ૮ છ મોટી કથા. | ૦-૩- |
| ૯ તેર કાઠિયાની કથા. | ૦-૩-૦ | ૧૦ ચંપક શ્રેષ્ઠી ચરિત્ર. | ૦-[illegible] |
| ૧૧ રતિસાર ચરિત્ર. | ૦-૩-૦ | ૧૨ વત્સરાજ ચરિત્ર. | ૦-૩- |
| ૧૩ નળ દમયંતી ચરિત્ર. | ૦-૩-૦ | ૧૪ સ્થૂળભદ્ર ચરિત્ર. | ૦-૩- |
| ૧૫ સુરસુંદરી ચરિત્ર. | ૦-૩-૦ | ૧૬ ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦-[illegible] |

૧૬ ચરિત્રો એક સાથે લેનારના રૂ. ૩) લેવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત (બે ઘડી) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૯ મું. ] માર્ગશિર્ષ-સંવત ૧૯૮૮. વીર સંવત ૨૪૫૮. [ અંક ૯ મો.

## નૂતન વર્ષ.

### તોટક છંદ.

નભમંડળમાં રવિ એહ ઉગ્યો, ઉર હર્ષતણો શું ગુલાબ ઉગ્યો;
ગત વર્ષ ડુબ્યું ભવ સાગરમાં, વિકસ્યાં કમળો ઉર્મિના સરમાં. ૧
જળનેત્ર દ્રવ્યાં સ્મરી દીલ દહ્યાં, ગત વર્ષ કુકર્મ શું દુઃખ સહ્યાં;
કરણી શુભ હર્ષ હૃદે ભરતી, સ્મૃતિઓ ગતવર્ષની ઝાંખી થતી. ૨
ભૂતકાળ ભૂલી ક્ષણ આ અમૂલી, ભવિ આત્મહિતાર્થે તું લે ઉજવી;
ત્યજી સર્વ પ્રભુ વીર મુક્તિ વર્યા, ગુરૂ ગૌતમ કેવળજ્ઞાન લહ્યા. ૩
સુખસેજ થકી ઉઠી જાગૃત થા, સ્મરી વીર વિભુ મન હર્ષિત થા;
શુભ એ દિન નૂતન વર્ષતણાં, જીભથી ઝરજો ગુણનાં ઝરણાં. ૪
દુઃખી ભારત એ પ્રભુપંથે પળે, સહુએ પ્રભુ તત્વ રહસ્ય કળે;
વળી કર્મ પરંતર છેદી કરે, જરી મુક્તિપુરી સુખ ઝાંખી કરે. ૫
જગમાં સઘળે નવલાં વર્ષે, સુખ શાંતિતણાં અમીઓ વરસે;
ધન ધાન્યની છોળથી રંક હસે, રમતાં સુખી બાળક અંક વસે. ૬
શુભ આશીષ સહ અભિનંદન હો, પ્રભુ મહાવીરને નિત્ય વંદન હો;
દિલથી વિષવલ્લી નિકંદન હો, મહિમા જૈન ધર્મ પ્રકાશ વધો. ૭

"સુંદર"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીવાળી દર્શન.

( ઝીણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચુંદલડી-એ રાગ. )

આવો આવો વીરનાંબાળ, દીવાળી ઉજવીએ;
**વીરગુણમાં થઇ ગુલતાન, દીવાળી ઉજવીએ.-એ ટેક**

આંગણથી તિમિર દૂર કરવા, ઘરઘર દીપક દીપે રે;
કર્મ ખસે અંતર અજવાળે, આત્મ જ્ઞાન જો દીપે—**દીવાળી૦**

કર્મ ફટાકા ફટ ફટ ફૂટે, ગાજે ચૈત્યો આજરે;
આત્મલક્ષ્મીનું પૂજન કરવા, રાચે જૈન સમાજ—**દીવાળી૦**

સત્ય દયા તપ અખિલ વર્ષના, જમા તરફ સૌ લખીએરે;
અસત્ય હિંસા મોજમજાને, ઉધાર બાજુ લઇએ—**દીવાળી૦**

સરવૈયાં કરો આળસ ત્યાગી, નફો નુકશાન તપાસોરે;
આત્મચોપડે પુન્ય પાપનો, દેખો બન્યો શું તમાસો—**દીવાળી૦**

હિતકર વહીએ નેણ સુધામય, ઘાણા ગોળને ચાખીરે;
કપટ તજી કરીએ વ્યાપારો, દયા હૃદયમાં રાખી—**દીવાળી૦**

સગાં ગૃહે ઝટપટ પહોંચાડો, મીઠા ભોજન થાળરે;
જો મુનિવર સત્પાત્રે નાંખો, તો વરશો શ્રી માળ—**દીવાળી૦**

વીરપ્રભુ મુક્તિપદ પામ્યા, ગૌતમ કેવળજ્ઞાન રે;
અંતર આતમ જ્યોત જગાવી, ધરીએ વીરનું ધ્યાન—**દીવાળી૦**

જે ક્ષણ પામ્યા જગતપિતામહ, વીર પ્રભુ નિર્વાણરે;
તે ક્ષણ સંઘ ચતુર્વિધ ગૌતમ, શોક કરે ગિર્વાણ*—**દીવાળી૦**

ધન્ય ઘડી નૂતન પરભાતે, પ્રભુ કીધ ભવનિસ્તારરે;
ઝેર વેરના અગ્નિ બુઝાવી, ક્ષમા હૃદય વિસ્તાર—**દીવાળી૦**

પ્રતિપળ પ્રભુપાદપંકજ પામી, પૂજીએ પુન્યપ્રભાવે રે;
સુંદર પ્રભુ પંથ પોતે[1] પ્રવેશી, પાપના પોટ પ્રજાળે—**દીવાળી૦**

"સુંદર"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कृष्णवासुदेवे बतावेल खेद.

( ૧ )

નાથ કહે છે મુજને મનુષ્યો દુભાવે,
મુજપર જૂઠાંજ આળો ચઢાવે; નાથ કહે છે૦
હું શુદ્ધ ચેતન રૂપે રહ્યો છું, પણ જડ જગમાં મનાવે;
ઉત્તમ પદ ઇનકાર કરી મારી, હલકી પદવી ઠરાવે- નાથ૦
કાનુડો કલ્પીને મારૂં, ઇશ્વર નામ લજાવે;
જ્યાં ત્યાં ખેલ કરીને મુજને, નટની તુલ્ય નચાવે- નાથ૦
ભામિનીઓ ભેળો રઝળાવી, લંપટમાં લેખાવે;
કપટી પણ કહેતા નવ ચૂકયા, ચાહન ચોર ઠરાવે- નાથ૦
પશુથકી પરણાવી મારૂં, જગમાં હાસ્ય કરાવે;
ધર્મના નામે દુકાનો માંડી, ટકે ટકે વેચાવે- નાથ૦
શંકરનો અવતાર ઠરાવી, નાગો ભૂત બનાવે;
મહા વ્યસન મારામાં ટેવી, ગાંજો ભાંગ ફુંકાવે- નાથ૦
રાક્ષસને હું વગર વિચારે, વર દઉં એમ જણાવે;
બુદ્ધિશૂન્ય ગણીને મારૂં, ભોળો નામ ધરાવે- નાથ૦
સુખ દુઃખમાં સંભાગુ તેનું, સાટું આમ વળાવે;
ધિક્ ધિક્ માનવ મિત્રો (?) તમને, દારૂણ દુઃખ કેમ નાવે-નાથ૦

( ૨ )

માનવ મુજને માનવ જેવો બનાવે,
મારી સઘળી પ્રભુતા ત્યજાવે; માનવ૦
જન્મમરણથી મુકત રહું છું, તોપણ જન્મ ધરાવે;
નાનકડું બાળક સમજીને, પારણીયામાં ઝુલાવે- માનવ૦
તડકો શીત નડે માનવને, મુજને વસ્ત્ર ધરાવે;
વસવાને મુજ માટે મોટાં, મંદિર માળ ચણાવે- માનવ૦
ક્ષુધા તૃષા લાગે નહિ તોપણ, મોટા થાળ ધરાવે;
મારૂં નામ દઈને મિત્રો (?), માલ મલીદા ઉઠાવે- માનવ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રષ્ટ થતો જાણીને મુજને, નિત્ય નિત્ય સ્નાન કરાવે;
હું છું શુદ્ધ સદાએ તો પણ, આમ અવિદ્યા જણાવે—માનવ૦
ઉંઘ કદી આવે નહિ તોપણ, સુંદર સેજ બીછાવે;
કામક્રિડા કરવાને કાજે, પ્રેમ ધરી પરણાવે— માનવ૦
નિર્ધનતા લેખીને મુજને, ઘરઘર ભીખ મગાવે;
નિર્વંશીના માલ ખજાના, મારા નામે ચડાવે— માનવ૦
નિર્વિકારી સર્વેશ્વરને, રાગી તુચ્છ ઠરાવે;
છેક ઉતારી નાખી મુજને, પાખંડીજ પૂજાવે— માનવ૦
સત્ય સ્વરૂપ અનાદિ મારૂં, કોણ અરે સમજાવે;
નહિ તો આમ અધર્મ વધ્યાથી, દુઃખનો અંત ન આવે—માનવ૦

**એક જિજ્ઞાસુ.**

---

# શ્રીમાન વર્ગને શિખામણ.

(લેખક—શાહ ભીખાભાઇ છગનલાલ.)

મળી લક્ષ્મી તને ઝાઝી, ભલે મ્હારો પ્રભુ રાજી;
બનીશ નહિ કૃપણ[1] પાજી, રહેજે દાનમાં [2]રાજી. 1
પૂછો પંડિત કે કાજી, કહે આલમ[3] બધી ગાજી;
ચપળ [4]ચપળાની છતરાજી, (જો) નહિ દે દાન થઇ રાજી. ૨
સદા કર ન્યાયથી ધંધો, બનીશ ના દ્રવ્યમાં અંધો;
નહિ તો લાત બે મારે, દોલત [5]અભિધાન એ ધારે. ૩
દગાથી મેળવેલું ધન, લીલું સળગાવી દે છે વન;
બનાવ્યા ડુંગરા કંચન, રહે ના ઉંબરે કણ અન્ન. ૪
નહિ છે લક્ષ્મી તારી કે, નહિ છે લક્ષ્મીનો તું એ;
જવાની એ તજી તુજને, નહિ તો તું તજી જાશે. ૫

૧ કંજુસ. ૨ મલ્યું બહુ ધન, રૂપાળું બદન કે વિદ્યા પ્રસન્ન, કર્યો પરમાર્થ તો તો જાણ, મળ્યું એ પ્રમાણ, ૩ દુનિયા ૪ લક્ષ્મી. ૫ નામ (દોલત બેલાત—આવે ત્યારે છાતીમાં લાત મારી માણસને અક્કડ એટલે અભિમાની બનાવે ને જાય ત્યારે પાછળથી એવી લાત મારે કે તે બીચારો ઉંચુ પણ જોઈ શકે નહિ)

For Private And Personal Use Only

[6]ગગનની વીજળી જેવી, ગણી લે લક્ષ્મીને એવી;
ધરોધર એ ભટકનારી, કહે કવિઓ નક્ટ નારી.
કદી જો લક્ષ્મીને ગોંધી[7], રૂંધાઇ[8] માર્ગ લે શોધી;
ઉડી એવી જવાની કે, ( ફરી ) નહિ દર્શન ભવાની દે. ૭
મળી છે પુણ્યથી એ ને, વળી એ પુણ્યથી ટકશે;
વધે છે પુણ્ય દાનેથી, કહો ! 'ના' કોણ કહી શકશે. ૮
પલક ઝબકાર થાતામાં, પરોવી મોતી લે ભાઇ;
બની જો પૂર્ણ દૃઢ માળા, પછી એ નહિ કરે ચાળા. ૯
ચતુરાઈ ચલાવી લે, ચતુરાને મ્હલાવી લે;
ચતુરા દાન ચાહે છે, ચતુર નર દાન દે–દે–દે. ૧૦
સમજ રજ કાર્ય કારણને, અમોલા સત્ય તારણને;
નવે નિધિ અષ્ટ સિદ્ધિનું, અમોલું દાન કારણ છે. ૧૧
ગિરિવર ને તરૂવર ને, સરોવર દાન સૌ દે છે;
મૂચ્છાળા માનવી શાને, કૃપણતા દોષને પોષે. ૧૨
દીધેલું દાન કો કાળે, જવાનું વ્યર્થ ના જાણી;
કમાયો લક્ષ્મી વાવી દે, કરી લે બેડ પા પાણી[9] ૧૩

## પં. ગુણસૌભાગ્ય ગણિકૃત ટીકાને આધારે નન્દિસ્તુતિઓની અર્થ-વ્યાખ્યા

### વીતરાગ જિનસ્તુતિ.

૧ જેના ધ્યાન યોગથી ઇન્દ્રસંબંધી લક્ષ્મીને પણ મનુષ્યો એમ કહી શકે કે 'હે લક્ષ્મી ! તું સઘળી વેગે અહીં આવ !' તે વીતરાગ પ્રભુ તમને મોક્ષલક્ષ્મી આપો ! ( પરમ પદ–મોક્ષને અર્થે થાઓ. ! )

### સર્વ જિનસ્તુતિ.

૨ જેમના ધર્મ-શાસનને સત્ય કરીને માનનાર અને જેમના ચરણોને નમસ્કાર કરનાર સદાય લક્ષ્મીપાત્ર બને છે, તે જિનેશ્વરો તમને ભવ–સંસારના તાપથી બચાવો ! ( તમારા ભવદુઃખ સમાવો ! )

---

૬ આકાશની. ૭ કેદ કરી જમીનમાં દાટી અથવા કોઇ પણ રીતે બંધનમાંજ રાખી તો. ૮ અમુંઝાઈ, અકળાઈને. ૯ પા પાણી—અનુમોદનરૂપ સિંચન કર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### જિનવાણીની સ્તુતિ.

૩ જીવાજીવાદિક નવ તત્ત્વોથી યુક્ત તથા દર્શન ( સમકિત ), જ્ઞાન, ચારિત્ર અને તપોગુણવાળા મુનિજનોએ અને ગૃહસ્થોએ જેનો આશ્રય કરેલો છે તે શ્રેષ્ઠ અર્હિંસાધર્મ, કીર્તિ, જ્ઞાન અને અક્ષય સુખરૂપ તેમજ આનંદના સ્થાનરૂપ જિનવાણી જગતમાં જયવંતી વર્તો !

### શ્રી શાન્તિજિન સ્તુતિ.

૪ જેની પરમ શાન્તિ જગવિખ્યાત છે, જેનામાં પરમ ક્ષમા–સમતા વર્યા કરે છે, અને જેનાં ચરણ જગતમાં ઉત્તમ પ્રકારની શાન્તિને આપનારાં વર્તે છે, તે શ્રી શાન્તિનાથ પ્રભુ અશાંતિ–ઉપદ્રવને શાંત કરો.

### શ્રી દ્વાદશાંગી રૂપ પ્રવચન સ્તુતિ.

૫ સકળ અર્થસિદ્ધિ સાધવાના બીજભૂત ઉપાંગો જેમાં રહેલા છે અને સદા પ્રભાવશાળી દેદિપ્યમાન ગંભીર અર્થવાળાં અંગોનો જેમાં સમાવેશ થાય છે તથા જેનો મહોત્સવ અખંડપણે બન્યો રહે છે, તે દ્વાદશાંગી તમારા અજ્ઞાન–અંધકારનો નાશ કરનાર બનો.

### વાગ્દેવી–સરસ્વતીની સ્તુતિ

૬ હે પૂજ્ય સરસ્વતી દેવી ! તું કહે કે શ્રુત–સાગરનું અવગાહન કરવા ઇચ્છનાર વિશાળ ક્ષયોપશમવાળી મતિરૂપ શ્રેષ્ઠ નૌકાવાળો કોણ પુરૂષ ‘ તુજને નમસ્કાર હો ’ એવું નહીં કહેતો હોય ? અપિ તુ અવશ્ય કહેતો જ હોય. સરસ્વતી દેવીને ત્રિવિધ પ્રણામ કરનાર મહામતિવંત મુનિજનો શાસ્ત્રસાગરનો પાર પામી શકે છે.

### શાસન ( અધિષ્ઠાયિક ) દેવતાની સ્તુતિ

૭ વિઘ્ન–ઉપદ્રવોની પરંપરાને ભેદી–દૂર કરી દેવામાં ઉજમાળ, અને જિનેશ્વરોના તીર્થ–શાસનની રક્ષા–સેવા કરવા સદાય સાવધાન રહેનારા શાસનદેવતાઓ ધર્મકૃત્યોમાં શીઘ્ર તમારૂં વાંછિત પૂરનારા થાઓ !

### સમકિતદ્રષ્ટિ દેવદેવીઓની સ્તુતિ.

૮ સમસ્ત વિઘ્ન–ઉપદ્રવોને દૂર કરવામાં કુશળ ( સમર્થ ) અને અતિ ઉત્તમ ગુણોના સમૂહથી ભરેલા ચતુર્વિધ સંઘની સારી રીતે વૈયાવચ્ચાદિક સેવા–ભક્તિ કરવામાં દ્રઢ લક્ષ અને કાળજી ભરી પ્રતિજ્ઞાવાળા સઘળા સમકિતદ્રષ્ટિ દેવો અને દેવીઓ શ્રી સંઘને વિષે શાન્તિને અર્થે હો.

### ‘ ઉક્ત નંદિસ્તુતિ પ્રસંગે કાંઇક વક્તવ્ય ’

ઉપરોક્ત આઠે નન્દિ સ્તુતિઓ એક નવકારાદિકનો કાઉસ્સગ્ગ કર્યા બાદ બ્રહ્મચર્ય યા ચતુર્થવ્રત, અથવા બીજ, પાંચમ, આઠમ, અગીયારશ કે ચૌદશ પ્રમુખ તિથિ પર્વના અથવા વીશ સ્થાનક, વર્ધમાન, નવ પદાદિકની ઓળી પ્રમુખ તપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા સમકિત સહિત શ્રાવકયોગ્ય બાર અથવા તેમાંના ગમે તેટલા વ્રતો અથવા નાની મોટી દીક્ષા અને યોગ ઉપધાનમાં પ્રવેશાદિક અનેક પ્રસંગે મંગળ નિમિત્તે પ્રગટ ગુરૂમુખે ઉચ્ચારવામાં આવે છે. તેમાં કેવો સુંદર ભાવાર્થ રહેલો છે તેની સહુ શ્રોતાજનોને કંઇક ઝાંખી આવે એવા શુભ આશયથી પ્રેરાઇ અત્રે એ સ્તુતિઓના સંક્ષિપ્ત અર્થનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે લક્ષ્યમાં રાખીને ઉક્ત સ્તુતિઓનો પાઠઉચ્ચારવામાં કે સાંભળવામાં આવે તો તે અધિક લાભદાયક થવા સંભવ છે. આ રીતે સામાયિક, દેવવંદન અને પ્રતિક્રમણાદિક સૂત્રોના અર્થ પણ વિવેકથી અવધારીને તે તે કરણી કરવાથી ઉપયોગ જાગ્રત થાય છે અને વિશેષ લાભ થાય છે. સ૦ મુ૦ ક૦

# પ્રશ્નોત્તર.

( પ્રશ્નકાર-શ્રાવક ઓધવજીભાઇ ગીરધર. પોરબંદર. )

પ્રશ્ન ૧-કર્મગ્રંથ ત્રીજાની ગાથા ૮ મીમાં જિનનામ અને આહારકદ્વિક-એ ત્રણ પ્રકૃતિ લબ્ધિપર્યાપ્તા તિર્યંચ ન બાંધે એમ કેમ કહ્યું ? સામાન્યે જ ન બાંધે એમ કેમ ન કહ્યું ? શું અપર્યાપ્તપણામાં તેનો સંભવ છે?

ઉત્તર-તિર્યંચને એ ત્રણ પ્રકૃતિનો બંધ અપર્યાપ્તપણામાં તો હોયજ નહીં એમ ધારી લબ્ધિપર્યાપ્ત વિશેષણ સ્વરૂપ દર્શક આપ્યું છે, એ વ્યવચ્છેદક વિશેષણ નથી.

પ્રશ્ન ૨-કર્મગ્રંથ ત્રીજાની ગાથા ૯ મીમાં ' સુરાયુ ભોગવતાં ૭૦ પ્રકૃતિનો બંધ ચોથે ગુણઠાણે લબ્ધિપર્યાપ્તા પચેંદ્રિય તિર્યંચ કરે ' એમ કહ્યું, તેમાં કરણપર્યાપ્તાને બાદ શા માટે કર્યા ?

ઉત્તર-કરણ પર્યાપ્તાને બાદ કર્યાજ નથી; પરંતુ સર્વજીવ કરણ પર્યાપ્તા તો હોયજ છે તેથી લબ્ધિપર્યાપ્તા વિશેષણ મૂક્યું છે. શાસ્ત્રમાં જ્યાં પર્યાપ્ત અપર્યાપ્ત કહેવામાં આવે ત્યાં બધે લબ્ધિપર્યાપ્ત અને લબ્ધિઅપર્યાપ્તજ સમજવાના છે.

પ્રશ્ન ૩-ગાથા ૧૩ મી માં સર્વ જઘન્ય આયુ-સૂક્ષ્મ એકેંદ્રિયનું ૨૫૬ આવળીનું કહ્યું છે અને તે ૧૭૧ આવળી ગયા પછી આગામી આયુનો બંધ કરે એમ કહ્યું છે, તો તે જઘન્ય આયુ પર્યાપ્તાનું કે અપર્યાપ્તાનું ? જો અપર્યાપ્તાનું કહો તો પર્યાપ્તાનું કેટલું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—એ ૨૫૬ આવળીનું આયુ સૂક્ષ્મ એકેંદ્રિય અપર્યાપ્તામાં પણ સર્વ જઘન્ય આયુવાળાનું હોય; બીજાનું તેથી વધતું હોય. જેનું ૨૫૬ આવળીનુંજ આયુષ્ય હોય તે ૧૭૧ આવળી પછી આગામી ભવનું આયુ બાંધે. બીજા પોતપોતાના આયુના બે ભાગ ગયા પછી બાંધે. પર્યાપ્તાનું આયુ સ્વભાવેજ તેથી વધારે હોય; હજુ તો તેને ચોથી પર્યાપ્તિ પૂરી કરી પર્યાપ્તા થવું છે, પછી આયુ બાંધવું છે અને પછી તેનો અબાધાકાળ વ્યતિત કરવો છે. વધારે આયુષ્ય કેટલું હોય તેનું ખાસ પ્રમાણ આપ્યું નથી, મોઘમ અંતમુહૂર્ત્તનુંજ કહ્યું છે. એક શ્વાસોશ્વાસમાં ૧૭ા ભવ કરે એમ કહેલ છે તે ૨૫૬ આવળીના સર્વ જઘન્ય આયુવાળા જીવો માટેજ સમજવું; સર્વ નિગોદ જીવો માટે ન સમજવું. કેટલા નિગોદ જીવો તેથી ઓછા ભવ પણ કરે, કારણકે પર્યાપ્તા તેટલા ભવ કરી શકેજ નહીં.

પ્રશ્ન ૪—ગાથા ૧૧ મી માં જ્યોતિષી, ભવનપતિ અને વ્યંતર એ ત્રણ દેવનિકાયમાંથી ચ્યવીને તીર્થંકર ન થાય એમ કહ્યું છે; અને અહીં આવતી ચોવીશીમાં ત્રીજા સુપાર્શ્વ નામે તીર્થંકર નાગકુમારમાંથી આવીને થવાના છે એમ સાંભળ્યું છે અને ઉપદેશપ્રાસાદમાં વર્તમાન ચોવીશીમાં ઐરવત ક્ષેત્રમાં ત્રીજા તીર્થંકર નાગકુમારમાંથી આવીને થયેલા લખેલા છે. તો આમ પરસ્પર વિરોધ કેમ? અને તેનું સમાધાન શું?

ઉત્તર—વ્યંતરાદિક ત્રણ દેવજાતિમાંથી નીકળેલ જીવ તીર્થંકર થતા નથી એ મુખ્ય હકીકત છે અને કોઈ તીર્થંકર નાગકુમારમાંથી કે બીજી નીકાયમાંથી નીકળીને તીર્થંકર થયા હોય કે થવાના હોય તો તે આશ્ચર્ય (અછેરા) રૂપ સમજવું. અનંતે કાળે તેવું કવચિત્ બને છે.

પ્રશ્ન ૫—પહેલા કર્મગ્રંથની ૭ મી ગાથામાં શ્રી જીવવિજયજીવાળા બાળાવબોધમાં 'શ્રુતજ્ઞાની દ્રવ્યથી ઉપયોગવંત થકા સર્વ દ્રવ્ય જાણે દેખે.' એમ કહ્યું છે. પણ શ્રુતજ્ઞાનનો વિષય તો જાણવાનો છે તે દેખે શી રીતે? શ્રુતજ્ઞાની છદ્મસ્થ છે, તેને જ્ઞાનબળથી તો દેખાતુ નથી, અને દેખવાનો વિષય તો ચક્ષુઇંદ્રિયનો છે, તેનો સમાવેશ શ્રુતજ્ઞાનમાં થઇ શકતો નથી.

ઉત્તર—શ્રુતજ્ઞાની ચર્મચક્ષુથી દેખે એમ ન સમજવું: પણ શ્રુતજ્ઞાનની નિર્મળતાથી જાણે દેખતાજ ન હોય એવો ભાસ થાય છે. તેવા કારણથીજ ચૌદપૂર્વી શ્રુતજ્ઞાનીને શ્રુતકેવળી કહેવામાં આવે છે. તેઓ શ્રુતજ્ઞાનના બળથીજ કેવળી જેવું સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણીને કહી શકે છે.

પ્રશ્ન ૬—અપ્રત્યાખ્યાનાવરણી ને પ્રત્યાખ્યાનાવરણી કષાય લેશ જીતવાથી શું લાભ થાય? અને સર્વ જીતવાથી શું લાભ થાય? તેમજ તિર્યંચ જાતિમાં પાંચમું ગુણઠાણું ક્યારે પ્રાપ્ત થાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—તે કષાયો લેશ જીતાવાથી આત્માની નિર્મળતા વધે અને સર્વથા જીતાવાથી તેણે રોકી રાખેલ દેશવિરતિ અને સર્વવિરતિપણું પૂર્ણપણે પ્રગટ થય. તિર્યંચ પંચેન્દ્રિયને લબ્ધિપર્યાપ્તાપણેજ પાંચમું ગુણઠાણું પ્રાપ્ત થાય, અપર્યાપ્તઅવસ્થામાં તે ગુણઠાણું હોય નહીં.

પ્રશ્ન ૭—આયુકર્મના અધ્યવસાય સ્થાન જઘન્ય સ્થિતિબંધના સર્વ સ્તોક અને પછી સમયાધિક સમયાધિક સ્થિતિ માટે અસંખ્યાત ગુણા કહ્યા છે અને સાત કર્મ માટે વિશેષાધિક વિશેષાધિક કહ્યા છે તેનું શું કારણ? અને જ્યારે આયુકર્મ બાંધે છે ત્યારે તે અધ્યવસાયે બીજા સાત કર્મ પણ બાંધે છે કે નહીં? અને બાંધે તો તે કેટલી સ્થિતિના બાંધે?

ઉત્તર—સાત કર્મ આખા ભવમાં સમયે સમયે બંધાય છે અને આયુકર્મ માત્ર એક અંતર્મુહૂર્તજ બંધાય છે. તેથી તેના અધ્યવસાય સ્થાન સમયે સમયે અસંખ્યાતગુણા અસંખ્યાતગુણા હોય છે. આયુકર્મ જ્યારે બાંધે ત્યારે સમયે સમયે સાત કર્મ પણ બાંધેજ છે, તેનો બંધ તેની સ્થિતિના પ્રમાણમાં ઉત્કૃષ્ટ બાંધે તો સીત્તેર કોડાકોડી વિગેરેનો અથવા સમકિત પામેલ હોય તો અંતઃકોડાકોડીનો થાય છે. આયુકર્મની સ્થિતિ તો આગામી ભવ માટે જેટલી બાંધવાની હોય તેટલી બાંધે છે. તેને માટે કાંઇ એક સરખું પ્રમાણ હોતું નથી.

પ્રશ્ન ૮—કર્મગ્રંથ પાંચમાની ગાથા ૫૫ મીમાં કહ્યું છે કે–'એકેક અધ્યવસાય સ્થાનકે વર્તતા ત્રસજીવ જઘન્યપદે એક બે ત્રણ અને ઉત્કૃષ્ટ આવળીના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ જાણવા અને સ્થાવર જીવો અનંતા જાણવા. તથા ત્રસ જીવયુક્ત નિરંતરપણે જઘન્ય પદે એક બે અધ્યવસાય સ્થાન અને ઉત્કૃષ્ટ પદે આવળીના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અધ્યવસાય સ્થાન હોય. ઉપરાંત અવશ્ય શૂન્ય હોય, તે ઉત્કૃષ્ટ પદે અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ હોય. સ્થાવરશૂન્ય અધ્યવસાય સ્થાન ન હોય.' આમ લખેલુ છે તે સ્પષ્ટ સમજાવશો.

ઉત્તર—એકેક સ્થિતિસ્થાને અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાન કહ્યા છે તે અનેક જીવોને લઇને કહેલા છે. એક જીવને અંગે તો એકજ અધ્યવસાય સ્થાન હોય છે. તેવી રીતે જોતાં એક બે અધ્યવસાય સ્થાન પછીના અધ્યવસાય સ્થાને કોઇ જીવ ન હોય. ઉત્કૃષ્ટ ઉત્તરોત્તર દરેક અધ્યવસાય સ્થાનકે જીવ હોય, તોપણ આવળીના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અધ્યવસાય સ્થાનો ગયા પછી તો અવશ્ય ખાલી અધ્યવસાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન હોયજ, તેથી વધારે સતત્ ન હોય. તેવા ખાલી અધ્યવસાય સ્થાન અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ હોય. સ્થાવર કહો કે એકેંદ્રિય કહો તેને જે સ્થિતિ બાંધવાની છે તેના જેટલા સમય છે અને તેના જેટલા અધ્યવસાય સ્થાનો છે તે બધા કોઈ પણ જીવોવડે રોકાયેલાજ હોય, કારણ કે તેના અધ્યવસાય સ્થાન સર્વ મળીને પણ અસંખ્યાતા છે અને જીવો અનંતા છે, તેથી તેનું કોઇ પણ અધ્યવસાય સ્થાન ખાલી નજ હોય. દરેક અધ્યવસાય સ્થાને થોડા ઘણા પણ જીવો વર્તતાજ હોય. અનંતા અનંતા પણ હોય.

પ્રશ્ન ૯.—ઉપશમ સમકિતના અંતર્મુહૂર્ત્તમાં મિથ્યાત્વમોહનીના દળીયાં વિપાક ઉદય ન આવે તેમ કહ્યું છે તે તો ઠીક, પણ જેનો અબાધાકાળ પૂર્ણ થયો હોય તેવા દળીયાં પ્રદેશ ઉદયે આવે કે નહીં ?

ઉત્તર—ઉપશમ સમકિતવાળા એટલે અંતરકરણવાળા અંતર્મુહૂર્ત્તમાં પ્રદેશ ઉદય કે વિપાક ઉદય આવે તેવાં જે દળો હતાં તે બધા તેની અગાઉના અંતર્મુહૂર્ત્તમાં ખેંચી લાવીને વેદી લીધા છે, તેથી ઉપશમ સમકિતના કાળમાં વિપાક ઉદય કે પ્રદેશ ઉદય મિથ્યાત્વમોહનીનો બીલકુલ ન હોય.

પ્રશ્ન ૧૦—કર્મગ્રંથ છઠ્ઠાની ગાથા ૨૩ મીમાં ઉપશમ શ્રેણિએ જેણે અનંતાનુબંધી ઉપશમાવ્યા હોય તેને પણ ૨૮ નું સત્તાસ્થાન કહ્યું તો પ્રશ્ન એ છે કે—

પ્રથમ ઉપશમ સમ્યક્ત્વના કાળથી માંડીને તેજ ભવમાં યા તો ભવાંતરમાં ફરી ઉપશમ શ્રેણિ માંડે ત્યાંસુધી જે જીવો અનંતાનુબંધીની વિસંયોજના નથી કરતા તે જીવો અનંતાનુબંધી કષાયના દળો જે ઉદયપ્રાપ્ત થાય તેને તેટલા કાળ સુધી ઉપશમાવી શકે કે શું કરે ? મિથ્યાત્વ અને અનંતાનુબંધી બંને ઉત્કૃષ્ટ કેટલો કાળ ઉપશમી શકે ? અને અનંતાનુબંધીની વિસંયોજના ને ઉપશમના કયે ગુણઠાણે થાય ?

ઉત્તર—ઉદયમાં આવેલા દળ ઉપશમાવી શકાતાજ નથી; તે તો પ્રદેશ ઉદય કે વિપાક ઉદયથી વેદવાજ પડે છે. મિથ્યાત્વ ને અનંતાનુબંધીની ઉપશમના અંતર્મુહૂર્ત્ત સુધીજ થઇ શકે; અને અનંતાનુબંધીની વિસંયોજના ને ઉપશમના ચોથાથી સાતમા ગુણઠાણા સુધી થાય.

પ્રશ્ન ૧૧—જે જે પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થાય તે તે પ્રકૃતિના દળો અબાધાકાળ પૂર્ણ થયા પછી આત્મપ્રદેશ ઉપર પડ્યા રહે કે તેનું શું થાય ?

ઉત્તર—ઉદયવિચ્છેદવાળી પ્રકૃતિના દળો અબાધાકાળ પૂર્ણ થયા પછી પ્રદેશઉદય આવીને ખરી જાય અથવા અન્ય પ્રકૃતિમાં સંક્રમીને ઉદય આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૧૨—'**પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય તે હોવે**, તિહાં આપ-**રૂપે સદા આપ જુવે**.' આમ નવપદજીની પૂજામાં કહ્યું છે, તે પ્રથમ ઉપશમ સમકિત પામનાર માટે તો ઘટશે નહીં, કારણ કે તેને તો સત્તામાં સાત પ્રકૃતિ નથી. (મિશ્રમોહની ને સમકિતમોહની ન હોવાથી) તો તે આત્માને જુએ કે નહીં?

ઉત્તર—એ વાક્યની અંદર ક્ષાયિક, ક્ષયોપશમિક અને ઉપશમિક એ ત્રણે સમકિતીનો સમાવેશ સમજવો. પ્રથમ ઉપશમ સમકિતી માટે ઉપચારે ૭ પ્રકૃતિ સમજવી. એ ત્રણે સમકિતવાળા જીવો આત્માને તેના શુદ્ધ સ્વરૂપમાં જોઈ જાણી શકે છે. (અહીં જુએ કહ્યું છે તે જાણવારૂપ સમજવું.)

પ્રશ્ન ૧૩—નવપદજીની પૂજામાં કહ્યું છે કે—'**કર્મ નિકાચિત પણ ક્ષય થાયે, ક્ષમા સહિત જે કરતાં;**' આ પદ શી અપેક્ષાનું છે? કારણ કે નિકાચિત કર્મ તો સર્વ કરણને અસાધ્ય કહ્યું છે, તો પછી તપથી તેનો ક્ષય કેમ થાય?

ઉત્તર—નિકાચિત કર્મ બે પ્રકારના હોય છે. કેટલાક એવા નિકાચિત હોય છે કે જેનો પ્રબળ તપાદિકથી ક્ષય થાય છે અને કેટલાક ગમે તે પ્રકારે પણ ક્ષય થતા નથી. જુઓ! શ્રી મહાવીર પરમાત્માએ નંદનમુનિના ભવમાં લાખ વર્ષપર્યંત સતત્ માસખમણો કરીને ઘણા કર્મોનો ક્ષય કરી નાખ્યો; છતાં પણ જે બાકી રહ્યા તે તીર્થંકરપણામાં છદ્મસ્થાવસ્થામાં ભોગવવા પડ્યા. આવાં જે કર્મો તે સર્વ કરણોથી અસાધ્ય નિકાચિત સમજવા.

પ્રશ્ન ૧૪—યથાપ્રવૃત્તિ કરણે સાતે કર્મનો સ્થિતિબંધ ને સત્તા અંતઃ-કોટાકોટી સાગરોપમની કરે છે, તે પ્રમાણેજ બંધ ને સત્તા ઉપશમ સમ-કિતનો કાળ પૂરો થતા સુધી સમજવા કે તેથી કાંઈ ઓછા સમજવા?

ઉત્તર—યથાપ્રવૃત્તિ કરણે જેટલી સ્થિતિ કરી છે તે કરતાં સમયે સમયે ઓછો ઓછો સ્થિતિબંધ કરે. આત્મા જેમ જેમ નિર્મળ થતો જાય તેમ તેમ સ્થિતિબંધ ઘટાડતોજ જાય પણ મોટો ફેરફાર ન થવાથી તે અંતઃ-કોટાકોટીજ કહેવાય.

પ્રશ્ન ૧૫—પ્રથમ પ્રાપ્ત કરેલ ઉપશમ સમકિત વમી નાખ્યા પછી ફરીને કયું સમકિત પામે? ઉપશમ શ્રેણિ માંડવાના કારણ શિવાય ઉપશમ પામે?

ઉત્તર—ફરીને ક્ષયોપશમ કે ક્ષાયિકજ પામે. ઉપશમ તો ઉપશમશ્રેણિ માંડવી હોય તોજ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૧૬—અગ્યારમે ગુણઠાણેથી કાળ કરીને જીવ સર્વાર્થસિદ્ધેજ જાય કે પાંચે અનુત્તરમાં જાય? અગ્યારમું ગુણઠાણું ભવના ચરમ સમય સુધી રહે કે નહીં? ત્યાંથી કાળ કરીને જે જીવ પરભવમાં જાય તેને પરભવના પ્રથમ સમયેજ ચોથું ગુણઠાણું પ્રાપ્ત થાય કે કેમ? અને અગ્યારમે ગુણઠાણેથી પડે તે પરભાર્યો ચોથે આવે કે બીજા ગુણસ્થાનકો ફરસતો ચોથો આવે?

ઉત્તર—અગ્યારમે ગુણઠાણેથી જીવ બે રીતે પડે છે. એક આયુષ્ય પૂરૂં થઇ જવાથી પડે છે તે અગ્યારમેથી પરભાર્યો ચોથે ગુણઠાણે આવે, તેને પરભવાયુ (દેવાયુ) ના પ્રથમ સમયેજ ચોથું ગુણઠાણું પ્રાપ્ત થાય. તેને આ ભવના ચરમ સમય સુધી અગ્યારમું રહે. અને જે તે ગુણસ્થાનની સ્થિતિ પૂરી થઇ જવાથી પડે તે અનુક્રમે બીજા ગુણઠાણા ફરસતો ચોથા સુધી આવે. ત્યાંથી કોઇ જીવ બીજે થઇને પહેલે પણ જાય.

જે જીવો આયુષ્ય પૂર્ણ થઈ જવાથી પડે છે તે પાંચે અનુત્તરમાં ઉપજે છે. કોઈ જગ્યાએ એકલું સર્વાર્થસિદ્ધ પણ કહ્યું છે.

પ્રશ્ન ૧૭—ઉપશમ સમકિતનો કાળ પૂરો થયા પછી અનંતર સમયે કોઇ જીવ ક્ષાયિક સમકિત પામે કે નહીં? ન પામે તો શા કારણથી? અને તે કયું સમકિત પામે?

ઉત્તર—ઉપશમનો કાળ પૂર્ણ થયા પછી અનંતર સમયે જો પામે તો ક્ષયોપશમ સમકિતજ પામે. અને પછી ૭ પ્રકૃતિનો ક્ષય કરીને ક્ષાયિક પામે. ઉપશમના કાળમાં ત્રણ પુંજ કરે છે, પણ તેનો ક્ષય કરતો નથી. એ કારણજ ક્ષાયિક ન પામવાનું છે.

પ્રશ્ન ૧૮—ઉપશમ કે ક્ષયોપશમ સમકિત પામીને વમ્યા પછી ફરી જ્યારે પામે ત્યારે કયું સમકિત પામે?

ઉત્તર—ફરીને જ્યારે પામે ત્યારે ક્ષયોપશમ પામે અને જો તે સમકિત વર્તતાં સાત પ્રકૃતિનો ક્ષય કરે તો પછી ક્ષાયિક પામે. જેને ઉપશમશ્રેણિ માંડવાની હોય તે જીવ ઉપશમ સમકિત પણ પામે.

પ્રશ્ન ૧૯—ઉપશમ સમકિત અસંખ્યાતી વાર પામે એમ કહ્યું છે, તો એકવાર પામીને પછી ફરીને ક્યારે પામે? અને તે વખત સમકિતમોહની કે મિશ્રમોહનીના દળ તો સત્તામાં ન હોય-ઉવેળી નાખ્યા હોય, તો શુદ્ધ પુંજનો ઉદય કયાંથી થાય? જો ફરીને ત્રણ પુંજ કર્યા પછી પામે એમ કહો તો કર્મગ્રંથના અભિપ્રાયે તો ત્રણ પુંજ ઉપશમના કાળમાંજ થાય છે, તો તે શી રીતે બને?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—ક્ષયોપશમ સમકિત એકવાર વમ્યા પછી ફરી ઓછામાં ઓછું અંતર્મુહૂર્તે પામે. દરેક વખત અપૂર્વકરણના બળથીજ ત્રણ પુંજ કરવા પડે, અને તેમાંના શુદ્ધ પુંજને ઉદયે ક્ષયોપશમ સમકિત થાય. આ બાબતમાં કાર્મગ્રંથિક ને સૈદ્ધાંતિક એક મતનાજ છે; માત્ર અનાદિ મિથ્યાત્વી પ્રથમ સમકિત પામે તેમાંજ મતભેદ છે. કર્મગ્રંથકાર ઉપશમજ પામે એમ કહે છે અને સૈદ્ધાંતિક ક્ષયોપશમ પણ પામે એમ કહે છે.

પ્રશ્ન ૨૦—જ્યારે મિથ્યાત્વ મોહનિયનો બંધ ૭૦ કોડાકોડી સાગરોપમનો કરે ત્યારે તો બીજા કર્મો ૪૦–૩૦–૨૦ કોડાકોડીનો બતાવ્યા પ્રમાણે બંધ કરે, પરંતુ યથાપ્રવૃત્તકરણે અને સમકિત પામ્યા પછી સમકિતમાં વર્તતાં અંતઃકોડાકોડીનો બંધ કરે એમ કહ્યું છે, તો તે સાતે કર્મનો સરખોજ બંધ કરતા હશે કે તેમાં કાંઇ તરતમતા હશે ?

ઉત્તર–તરતમતા હોવા સંભવ છે, પરતુ અંતઃકોડાકોડીમાં મોટો ફેર પડતો ન હોવાથી ફેરફાર કહેલ નથી. આ સંબંધમાં વધારે સ્પષ્ટીકરણ વાંચવામાં આવેલ નથી, તેથી તે બહુશ્રુત મુનિરાજને પૂછવું અને તેમનાથી એનો ખુલાસો મેળવી તે વિષયના જ્ઞાતા થવું.

( ૨ )

પ્રશ્ન ૧ લો–શ્રી જીવાભિગમ સૂત્રમાં સૂક્ષ્મ વનસ્પતિનો કાળ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ ઉત્સર્પિણી અવસર્પિણીનો કહ્યો છે; અને સાંભળવામાં તો એમ છે કે અનંતા જીવો તો એવા છે કે જે અવ્યવહાર રાશીમાંથી નીકળ્યાજ નથી, તેમાં પણ કેટલાક જાતિભવ્ય જીવો તો એવા છે કે જે અવ્યવહાર રાશીમાંથી નીકળવાના પણ નથી, તો ઉપર બતાવેલો કાળ કયા જીવો માટે સમજવો ?

ઉત્તર—શ્રી જીવાભિગમ સૂત્રમાં સૂક્ષ્મ વનસ્પતિનો જે કાળ કહ્યો છે તે અવ્યવહારરાશીમાંથી નીકળી વ્યવહારમાં આવી પાછા સૂક્ષ્મ વનસ્પતિ ( નિગોદ ) માં જનાર માટેનો કહ્યો છે. વધારેમાં વધારે એટલા કાળે તો તે તેમાંથી પાછા નીકળીજ જાય. આ હકીકત કાયસ્થિતિ પ્રકરણમાં બહુ સારી રીતે સ્પષ્ટ કરેલ છે. તેની બીજી ગાથામાં કહ્યું છે કે—'હે પ્રભુ ! હું અવ્યવહાર રાશીમાં તો અનંતો કાળ રહ્યો, પણ ત્યાંથી નીકળ્યા પછી એટલે વ્યવહારરાશીમાં આવ્યા પછી કઇ કઇ જીવજાતિમાં કેટલું કેટલું ભમ્યો તે કહું છું.' પછી ચોથી ગાથામાં કહ્યું છે કે—' સામાન્યે સૂક્ષ્મમાં અને સૂક્ષ્મ પાંચેમાં પૃથક્ પૃથક્ અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ ઉત્સર્પિણી સુધી ભમ્યો છું.' આ બંને અસંખ્યાતમાં સામાન્ય સૂક્ષ્મના અસંખ્યાતા કરતાં જુદું જુદું અસં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાતું નાનું સમજવું. આ ગાથાની ટીકામાં ઉપરની બધી વાત સ્પષ્ટ કરેલી છે. એ પ્રકરણનું ભાષાંતર પણ પ્રકરણપુષ્પમાળાના પ્રથમ પુષ્પમાં ટીકાના ભાષાંતર સહિત છપાયેલું છે.

પ્રશ્ન ૨ જો—અવ્યવહાર રાશી પાંચે સૂક્ષ્મને, એકલા સૂક્ષ્મ વનસ્પતિકાયને કે બાદર ને સૂક્ષ્મ બંને પ્રકારની નિગોદને સમજવી?

ઉત્તર—માત્ર સૂક્ષ્મ વનસ્પતિકાય ( સૂક્ષ્મ નિગોદ ) નેજ અવ્યવહાર રાશી સમજવી. આ સંબંધી શ્રી યશોવિજય ઉપાધ્યાય વિરચિત ધર્મપરીક્ષા ગ્રંથમાં બહુ સારી રીતે સ્પષ્ટતા કરેલી છે.

પ્રશ્ન ૩ જો—શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે—' વિવક્ષિત કાળે જે જીવો છે તે પાંચ અનુત્તર વિમાન શિવાય બીજા બધા દંડકમાં—બધા જીવસ્થાનમાં અપ્રથમ છે, અર્થાત્ પૂર્વે અનેક વખત જઇ આવેલા છે. ' આ હકીકત સર્વ જીવ માટે કેમ ઘટે? કારણ કે કેટલાક જીવો તો થોડા કાળથીજ અવ્યવહારરાશીમાંથી નીકળેલા હોય, તે બધે જીવસ્થાને કયાંથી જઇ આવેલા હોય? આ બાબતનો ખુલાસો શું સમજવો?

ઉત્તર—શ્રી ભગવતીજીમાં કહેલી હકીકત સામાન્ય જીવો પરત્વે સમજવી, સર્વ જીવો માટે ન સમજવી. વળી તે હકીકત અનુત્તર વિમાનને અનેકવાર જવામાંથી બાદ કરવા માટે કહેલી છે, કાંઈ સર્વત્ર વારંવાર જવા માટેની મુખ્યતાવાળી નથી; તેથી એ હકીકતને બહોળતાવાચક સમજવી. તેમજ જીવની વારંવાર જવાની યોગ્યતાને અંગે સમજવી.

પ્રશ્ન ૪ થો—'નવ ગ્રૈવેયકને વિષે પણ આ જીવ અનંતી વાર જઇ આવેલ છે.' એમ શ્રી ભગવતીજીમાં કહેલ છે, તો તે વાત શી રીતે બને? જો દરેક જીવ માટે એમ થાય તો પછી જીવનું રોકાણ અહીં વધી જાય અને મોક્ષમાર્ગ તો વહેતોજ છે તેથી અહીં જીવસંખ્યા કમતી થઇ જવા સંભવ રહે.

ઉત્તર—આ હકીકત પણ ઉપર પ્રમાણે બહોળતા વાચક સમજવી, તેમજ શક્યતા વાચક સમજવી. દરેક જીવ કાંઈ ગ્રૈવેયકમાં અનંતીવાર જતા નથી પણ જઇ શકે છે, અને કેટલાક જીવો જાય પણ છે એમ સમજવું. દરેક જીવ અનંતી વાર ત્યાં ગયા પછીજ સિદ્ધ થઇ શકે એમ ન સમજવું. વળી મોક્ષમાર્ગ વહેતો રહ્યાથી અહીં જીવસંખ્યા કમી થવાની શંકા ન કરવી, કારણ કે અહીંથી જેટલા જીવો મોક્ષે જાય છે તેટલા જીવો અવ્યવહાર રાશીમાંથી—સૂક્ષ્મ નિગોદમાંથી અહીં આવે છે, એટલે અહીં તો સરખા જીવોજ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૫ મો—શ્રી ભગવતીજીમાં ગોશાળાના અધિકારમાં વનસ્પતિકાય જીવો માટે **પરિવૃત્ય પરિહાર** કહેલ છે તે શું સમજવું ? વનસ્પતિકાય જીવો વારંવાર તેમાં ને તેમાં ઉપજે એમ સમજવું ?

ઉત્તર–એમાં પરિહાર શબ્દ ઉત્પાદ વાચક ટીકાકારે કહેલ છે; એટલે કેટલાક વનસ્પતિકાયના જીવો મરણ પામીને પાછા તેમાંને તેમાં પણ ઉપજે છે–ઉપજી શકે છે. તેને પરિવૃત્ય પરિહાર કહેલ છે. સર્વ વનસ્પતિકાય જીવો માટે અને નિરંતરને માટે એમ સમજવું નહીં, કારણ કે છેવટ ઉત્કૃષ્ટ વનસ્પતિકાયમા રહેવાનો કાળ વ્યતીત થયે તો તે જીવને તે સ્થાનમાંથી અન્યત્ર ઉપજવુંજ પડે, એ વાત કાયસ્થિતિ પ્રકરણમાં પણ કહેલ છે.

પ્રશ્ન ૬ઠ્ઠો–એક શરીરમાં અનંતા જીવો નિગોદના હોય છે. તેના પ્રાણ ને પર્યાપ્તિ વિગેરે જુદા જુદા હોય કે એક હોય ? લેશ્યા ને અધ્યવસાય શી રીતે હોય ? અને ઓજઆહાર શી રીતે કરે ?

ઉત્તર–નિગોદના અનંતા જીવો એક શરીરમાં હોય છે. તેમના ૪ પ્રાણો પૈકી કાયબળ, સ્પર્શઇંદ્રિ અને શ્વાસોશ્વાસ ભેળા હોય છે; આયુ દરેક જીવનું જુદું જુદું હોય છે. કર્મબંધના અધ્યવસાય સ્થાન ને લેશ્યાઓ પણ દરેકની જુદી હોય છે. ઓજઆહાર ઉત્પન્ન થતી વખતે દરેક જીવ ગ્રહણ કરે છે પણ તેનાવડે શરીર જુદું જુદું ન બાંધતાં એકજ બાંધે છે. એટલુંજ નહીં પણ પૂર્વના શરીરમાં જે અનંતા જીવો રહેલા છે તે શરીરનેજ પોતાનું કરે છે. આમાં વિચિત્રતા બહુ પ્રકારની છે તે સર્વ જ્ઞાનીગમ્ય છે, તેની વધારે સ્પષ્ટતા થઈ શકે તેમ નથી.

પ્રશ્ન ૭ મો—જીવ ત્રણ દિશાનો, ચાર દિશાનો, પાંચ દિશાનો અને છેવટ છ દિશાનો આહાર ગ્રહણ કરે એમ કહ્યું છે તે કયો આહાર સમજવો ?

ઉત્તર—એ ઓજાહાર ન સમજવો; કારણ કે તે તો ઉત્પત્તિવાળા આકાશપ્રદેશ ઉપર રહેલા પુદ્ગળોનોજ લેવામાં આવે છે. ત્રણ દિશિ વિગેરેનો આહાર લોમાહાર સમજવો. કવળાહારવાળા જીવો તો ત્રણ દિશિ વિગેરેવાળા સ્થાનોએ હોતાજ નથી, તે તો છ દિશીના આહારવાળા સ્થાનેજ હોય છે.

પ્રશ્ન ૮ મો—ઉપશમ સમકિતે જીવસ્થાન બે હોય કે એક હોય અર્થાત્ સંજ્ઞી પંચેંદ્રિય જીવોની અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમકિત હોય કે નહિ !

ઉત્તર—ઉપશમ સમકિત પરભવમાં પણ સંજ્ઞી પંચેંદ્રિય જીવોને કરણ અપર્યાપ્ત અવસ્થામાં હોય એમ કેટલાક આચાર્યનો મત છે, અને કેટલાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યો કહે છે કે 'પરભવને પહેલે સમયેજ સમકિત મોહનીનો ઉદય થાય અને ક્ષયોપશમ સમકિત પામે.' આ હકીકત ઉપશમ શ્રેણિએથી આયુક્ષયે પડીને અનુત્તર વિમાનમાં ઉપજનારા જીવો માટેજ છે, બીજા જીવો માટે નથી. તેમજ લબ્ધિ અપર્યાપ્તા માટે પણ નથી. કેમકે સમકિત લઇને જનાર જીવ લબ્ધિ અપર્યાપ્ત થતોજ નથી. આ હકીકત ખાસ દેવગતિ માટેજ છે કે જ્યાં લબ્ધિ અપર્યાપ્તપણું છેજ નહીં. કરણપર્યાપ્તપણામાં તો ક્ષયોપશમ સમકિતજ હોય એમ બંને આચાર્યોનો એક મત છે. પહેલા આચાર્યને મતે બે જીવસ્થાન અને બીજા આચાર્યને મતે એક જીવસ્થાન હોય.

# પુષ્પોનાં પરિમળ.

હે આત્મન્! ક્યાંસુધી નિદ્રાવશ રહીશ? જાગૃત થા અને જો. મ્હો ફાટવાનો સમય થવા આવ્યો છે. તેં તારી અદ્યાપિ પર્યન્તની જીંદગીનો મોટો ભાગ વ્યર્થ ગુમાવ્યો છે, તેથી હવે કંઈ સમજણો થઇ તારા સ્વરૂપનો વિચાર કર.

"હે ગૌતમ! એક સમય માત્ર પ્રમાદ કરીશ નહિ" એવાં એવાં બીજા અમૂલ્ય ઉપદેશો અને પ્રભુના વચનામૃતો તારા જીવનમાં ક્યારે ઉતારીશ? વળી એ મહાન્ ભગવન્તના અણમૂલ તત્ત્વોનો સંપૂર્ણ અભ્યાસી થઇ અને તદનુસાર વર્તના રાખી શુદ્ધ આત્મદ્રવ્યનો આવિર્ભાવ ક્યારે કરીશ?

હે મોહ! તું દૂર થા. તારી સોબતથી અમારે ઘેર ઘેર ભટકવું પડે છે, ને લેશમાત્ર પણ ખરૂં સુખ પ્રાપ્ત થતું નથી.

હે આત્મન્! ત્હારૂં નિશાન સ્થાપિત કર, અને પછી તે તરફ બાણ છોડ. એથી તું નિશાન સિદ્ધ કરી શકીશ. પ્રભુમય જીવન ગાળવા ઉજમાળ થા. તારી સર્વ કૃતિઓ તન્મય કર. હંસ જેમ માનસરોવરમાં મ્હાલે તેમ તું પણ નિરાવરણ થઇ અખંડાનંદમાં મ્હાલ.

બાપુ! વૈરાગ્યની ચિત્તમાં વૃદ્ધિ કર. વિચારબળ મેળવી મલીન વાસનાના સૈન્યોને પરાજય પમાડ. ત્હારા જીવનને યથાર્થ બનાવ. ભવભ્રમણ દૂર કરે તેવા આ જીવનને વૃથા ન બનાવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે ચેતન! ત્હારામાં અનંત શક્તિ છે. જેમ ઘેટાનાં ટોળામાં મોટું થતું સિંહનું બચ્ચું, જ્યારે હું સિંહ છું એમ જાણે છે, ત્યારે તે ટોળાંનો ત્યાગ કરી પરાક્રમનાં કાર્યો કરે છે, તેમ તું પણ આત્મસિંહ છે, માટે પરપરિણતિરૂપ અજકુળનો પરિત્યાગ કરી આત્મદ્રવ્ય પ્રકટનરૂપ પરાક્રમ દાખવ.

હે મૂઢ! આત્મદ્રવ્યરૂપ શાળ છોડી, પુદ્ગલરૂપી ફોતરાં કેમ કુટ કુટ કરે છે? એ તો જળતાડન ન્યાયે તારૂં મૂર્ખપણું સિદ્ધ કરે છે.

હે આત્મન્! પૌદ્ગલિક વસ્તુઓમાં તું શામાટે મમત્વ રાખે છે? તારા સ્વરૂપમાંજ મગ્ન થા, કે જેથી તને સર્વ સ્થળે આનંદ આનંદજ ભાસે.

"અમૃત."

# → કર્મની વેદીપર. ←

'અરે! આ માંચડો શા માટે ઉભો કરેલો દેખાય છે? અને આ પેલો નિરાધાર થઇને નાચે છે શા માટે? શું તેને અન્ય કોઇ રસ્તો ન હતો? શું તેને ઘરમાં ખાવાને અન્ન ન હતું? શું તેને લક્ષ્મી મેળવવી હતી? શું તેને અદ્વિતીય નાટ્યકળા દેખાડી માનપત્ર મેળવવાં હતાં? અને શું એ નટ હતો?' જવાબમાં 'ના, ના, તે તો ધનદત્ત શેઠનો માનીતો પુત્ર છે, તેને ત્યાં અખુટ સંપત્તિ છે, તેને ત્યાં બાગબગીચા છે, હવા ખાવાના મ્હેલો છે, અનેક દાસ દાસીઓ છે.' 'ત્યારે શાને માટે તે નટ થઇને નાચે છે? તેની નીચે ઢોલ કોણ વગાડે છે? સુંદર ગીત કોણ ગાય છે? હજારો લોકો કોના ઉપર મોહી જાય છે? અને પ્રજાપાલક રાજા કોનું ધ્યાન ધરી રહ્યો છે?' 'તે પેલી નટી કે જે દુર્ગંધીથી ભરેલી છે તેની ઉપર મોહી ગયેલ છે.' 'શું તેને ઘેર બેઠાં તેવી નટી ન્હોતી મળી શકતી?' 'ના, તે નટીના પિતાને પ્રતિજ્ઞા હતી કે જે નાટ્યકળામાં અદ્વિતીય પ્રવીણતા મેળવશે તેને મારી કન્યા આપીશ અને એટલાજ માટે એલાપુત્રને પોતાની જાતિ, દેશ, કુળ, ધર્મ, માતા, પિતા, ધન, ધાન્ય, લજ્જા અને અન્ય કુટુંબીઓને તજી નટીની પાછળ પાગલ બની જઈ, સર્વસ્વ હોમી, નાટ્યકળામાં પ્રવીણ થવું પડ્યું છે અને તે નટીને ખુશી કરવા માટે પરીક્ષામાં પસાર થવાનું હતું તેનો આ માંચડો છે. હજારો લોકો એકઠા થયેલ છે. પ્રજાપતિ રાજા પણ આવેલ છે. આવી અદ્દભુત નાટ્યકળા જોઇ લોકો આશ્ચર્યસાગરમાં ગર-

For Private And Personal Use Only

કાત્ર થઇ રહ્યા છે.' બધાનું ધ્યાન નટ ઉપર છે, પણ પેલો રાજા શું જુવે છે? તે કોનું ધ્યાન ધરી રહ્યો છે? આવી અદ્‌ભુત કળા જોઇને તેને હર્ષ થતો નથી? તે શા માટે દાન આપતો નથી? શું તેની પાસે લક્ષ્મી નથી? ના, છે બધું ઘણુંયે, પણ તે દાન દેવું ઇચ્છતો નથી, પણ લેવું ઇચ્છે છે, તે પેલા નટને મારવા ઇચ્છે છે. જે નટે તેનું કંઇ પણ બગાડ્યું નથી અને જે તેના આશરા હેઠળ લોકોને અદ્વિતીય નાટ્યકળા દેખાડી રંજીત કરે છે તેને મારવા ઇચ્છે છે. 'તેનું શું કારણ?' તેનું કારણ બીજું કંઇ નથી પણ પેલી સપ્ત ધાતુથી બનેલી દુર્ગંધમય છતાં સાક્ષાત્ ઉર્વશી જેવી લાગતી નટી ઉપર તે લુબ્ધ થયેલ છે. તે અત્યારે પ્રજા ઉપરની પોતાની ફરજ ભૂલી ગયેલ છે. મદિરા પીધેલ ઉન્મત્ત ગજેન્દ્રની માફક તે અત્યારે મદનસૃષ્ટિમાં નિરંકુશ બની ગયેલ છે. તેના શરીરમાં કામદેવે અસહ્ય ધસારો કર્યો છે. તેના હૃદયમાં અત્યારે દયાનો છાંટો નથી, વિવેક નથી, શીહાશ નથી, રાજ્યત્વનું ભાન નથી. તે અત્યારે માત્ર એટલુંજ સમજે છે કે ક્યારે આ નટ નાચતો હેઠો પડે, મરે અને મારા મનની ઇચ્છા પાર પડે. પેલા નટે એક વખત નાટ્યકળા બતાવી, બીજી વખત બતાવી, અને ત્રીજી વખત પણ રાજાને દાન ન દેતો જોઇ તે મહાન્ નટ સમજી ગયો. તરતજ મનમાં બોલી ઉઠ્યો. 'ધિક્કાર થાઓ મને!' પણ એટલામાં નટ શું જુવે છે? એના મોઢા ઉપર ગંભીરતા કેમ જણાય છે? તેના મોઢા ઉપર શાંતિ કેમ જણાય છે? તે નટ દૂરને દૂર ક્યાં નજર નાખે છે? તે એક ઋષિ મહર્ષિ મહાત્માને જોઇ રહ્યો છે, તેની મુખાકૃતિ જોઇ રહ્યો છે, તેના આચાર વિચાર જોઇ રહ્યો છે, તેનો વ્યવહાર જોઇ રહ્યો છે, તેની નિઃસ્પૃહતા જોઇ રહ્યો છે. જે મુનિની સામે ઉર્વશીને પણ લજાવે એવી પદ્મિની મોદકનો થાળ લઇ ઉભી રહી કહે છે કે—'મહારાજ! લ્યો, લ્યો!' છતાં તે લેતા નથી, તેનું શું કારણ? શું તેને મોદક કડવા લાગે છે? શું તેમણે મોહનો પરાજય કર્યો છે કે જેથી પદ્મિનીસામે દૃષ્ટિ ન રાખતાં દૃષ્ટિ નીચે રાખે છે? ના, તેઓ સમજે છે કે સ્ત્રી દુર્ગતિની ખાણ છે, તેથી તેની સામે નજર માંડીને ન જોવું, એવો તેમનો આચારજ હોય છે. ધન્ય છે! એ સાધુમુનિરાજને, ધિક્કાર છે મારા જેવા મૂર્ખોને કે આવી મોહજાળમાં ફસાઇ મનુષ્યત્વને હારી જાય છે. અને ધિક્કાર હો આ નટીના રૂપને કે જેના રૂપાગ્નિમાં હું પતંગીઓ થઇને પડ્યો છું અને રાજા આદિ તેમાં પડવાને માટે તૈયાર થાય છે. ખેર, કર્મ કોઇને છોડતું નથી. ગમે તેવો રાજા મહારાજા કે ચક્રવર્ત્તિ કેમ ન હોય? ગમે તેવો પુરૂષાર્થી પુરૂષ કેમ ન હોય? પણ દરેકને કર્મની વેદીપર નાચવુંજ પડે છે. રાજર્ષિ ભર્તૃહરિ કહે છે કે—

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्मांडभांडोदरे,
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे ।
रुद्रो येन कपालपाणिपूटके भिक्षाटनं कारितः,
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥

'જે કર્મે બ્રહ્માને બ્રહ્માંડની વચમાં કુંભારનું કામ સોંપેલું છે, વિષ્ણુને દશાવતારગ્રહણરૂપ મોટા સંકટમાં નાંખેલ છે, જે કર્મ મહાદેવજીની પાસે ખોપરીમાં ભીખ મગાવે છે અને સૂર્યને નિરંતર આકાશમાં ભમાડે છે, તે કર્મને નમસ્કાર હો.'

નળ અને દમયંતીને શા માટે વનવાસ વેઠવો પડ્યો હતો? પાંડવો અને દ્રૌપદીને શા માટે વનવાસનાં અત્યંત દુઃસહ દુઃખ વેઠવાં પડ્યાં હતાં? જે મુહૂર્તમાં રામચંદ્રજીને ગાદી આપવાનું નક્કી ઠર્યું હતું તેજ મુહૂર્તમાં માતાપિતાને, રાજાશાહી ઠાઠને અને મોજશોખને છોડી અત્યંત સુકુમાળ એવી પોતાની પ્રિયા સીતાની સાથે તેમજ ભાઇ લક્ષ્મણની સાથે જંગલમાં જઇ, ભમી, શા માટે સીતાજીને ખોયાં હતાં? આ બધો પ્રભાવ કર્મની વેદીનોજ છે. રાજા હો કે રંક હો, ગરીબ હો કે તવંગર હો, બાળક હો કે વૃદ્ધ હો, સ્ત્રી હો કે પુરૂષ હો, કિન્તુ દરેકને કર્મની વેદી પર નાચવુંજ પડે છે.

એવો વિચાર કરી ઇલાચીપુત્ર સંવરભાવમાં આરૂઢ થાય છે. પરન્તુ આ બધી ધમાલ શી છે? દેવતાઓ કેમ આવે છે? સુંદર ગીત શામાટે ગાય છે? અને વળી આ ગંધર્વો શું નાટક ભજવે છે? અને એેલા સૌધર્મ દેવલોકના સમ્રાટ્ હાથમાં મુનિવેષને લઇને કેમ આવે છે? અને નટને શા માટે નમસ્કાર કરે છે? તેમાં બીજું કંઇ નથી, પણ કર્મની વેદી ઉપર નટ નાચી ચૂકયો છે, તેનો ઉત્સવ કરવા દેવ દાનવો વિગેરે આવેલ છે, અને મુબારકબાદી તરીકે મુનિવેષ અર્પણ કરવાના છે. હવે તે નટ કર્મની વેદીને તોડી શકયો છે, તેણે મોહરૂપી સાંકળ કાઢી નાખી છે, તેના અન્તરચક્ષુનો પડદો તૂટી ગયો છે, તે સંપૂર્ણ ત્યાગી સર્વજ્ઞ સાધુ બનેલ છે, તેણે રાગ અને દ્વેષનો સમૂળગો નાશ કરી નાખેલ છે, તેણે આત્માને જીતેલ છે અને તેથીજ તેણે એક અભેદ્ય અને અકાપ્ય અદ્વિતીય શક્તિ પ્રાપ્ત કરેલ છે. તે સમગ્ર લોકાલોકને દેખી શકે છે. તેનો આત્મા સંસારરૂપ સમુદ્રમાંથી નીકળી નિર્મળ થઇ ગયો છે. તે ઇન્દ્રદત્ત મુનિવેષ પહેરે છે, અને ત્યારપછી સુવર્ણકમળપર બેસી મધુર દેશના આપે છે. 'આ બધો કોનો પ્રતાપ?' જવાબ-'કર્મની વેદીને તોડવાનો.'

મુનિ ચમરેન્દ્રવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી હિતશિક્ષાના રાસનું રહસ્ય.

( અનુસંધાન પૃષ્ઠ ૨૫૫ થી )

રાસના કર્તા ઋષભદાસજી કહે છે—'સંપમાંજ સુખ રહ્યુ છે. સંપથીજ આપણી વૃદ્ધિ અને પ્રગતિ થઇ શકે છે. તેથી સંપના ઇચ્છકે પોતાના વર્ગમાં કોઇ નબળું પાતળું હોય તો પણ તેનો સંગ ન છોડવો-તેને તજી ન દેવો. આપણી પાસે દ્રવ્ય વિશેષ હોય અને બીજા નિર્ધન હોય તો તેનો નિરાદર ન કરવો, તેને ઘટિત સહાય આપવી.' એક વખત ચોખાએ અભિમાન લાવીને ફોતરાનું અપમાન કર્યું અને તેને કહ્યું કે—"તમે નિઃસાર છો, તમારામાં શું છે? માટે તમે મને મૂકીને ચાલ્યા જાઓ. તમે મારી સાથે હોવાથી મારી શોભામાં ખામી આવે છે અને તમારા જવાથી મારી શોભામાં વધારો થાય છે, વરરાજા પણ મને કપાળે ચોડે છે, જિનેશ્વર આગળ મને ધરે છે, મારો સ્વસ્તિક કરે છે, ગુરૂપાસે મારાવડે ગહુંળી કરે છે, મને હાથમાં લઇને આવનારના શુકન જોવાય છે. મને બળિદાન તરીકે થાળમાં ભરીને દેવ પાસે લઇ જાય છે અને સજ્જનો પણ મારાવડે પોતાનું પોષણ કરે છે. આ બધી વાત તમારા ગયા પછી બને છે, તેથી તમે (ફોતરા) ચાલ્યા જાઓ."

આ પ્રમાણેની ચોખાની અભિમાન યુક્ત વાણી સાંભળીને ફોતરા બોલ્યા કે—"રે ચોખા ! સાંભળ. અમે તારી રક્ષા કરીએ છીએ. અમારાથી જુદા પડશો તો પછી સુપડે ખંડાશો, ઘંટીમાં દળાશો, ચુલે ચડીને રંધાશો અને કેટલાક કાચા ને કાચા પાણીમાં પલાળશે કે ખાઇ જશે. અમને તજવાથી તમને પ્રાયે દુઃખજ થશે."

ચોખા બોલ્યા કે 'તમે વધારે પંચાત શા માટે કરો છો? તમે તમારે માર્ગે ચાલ્યા જાઓ.' એટલે ફોતરા બહુ ખીજાઇ ચોખાને શાપ દઇને ચાલ્યા ગયા કે-'તમારૂં નખોદ જજો, તમે ન સંતાન થજો.' આમ કહીને ફોતરા તો ગયા. પણ તેના શાપની અસર પૂરેપૂરી ચોખા ઉપર થઇ. કેમકે ફોતરા જવાથી તે વવાતા ને ઉગતા અટક્યા.

આ દ્રષ્ટાંત ઉપરથી સમજવાનું એ છે કે—"સુખ સંપીને રહેવામાં છે. પોતાના વર્ગને જે તજી દેય છે તે ચોખાની જેમ કુટાય છે. જો પાણી સંપ કરે છે તો તે મોટા પર્વતોને અને પૃથ્વીને ફાડી નાખે છે. પર્વતમાંથી માર્ગ કરે છે અને પૃથ્વીના પેટમાં પેસે છે. મજબુત પાળ બાંધી હોય તો તેને તોડી નાંખે છે. આ બધો સંપનો પ્રતાપ છે. વળી જુઓ ! તરણા પણ બહુ એકઠા મળે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સંપ કરે છે તો આવા જળના પ્રવાહને પણ રોકી રાખે છે." આ દૃષ્ટાંત હૃદયમાં ધારણ કરીને શ્રાવકવર્ગે એકઠા રહેવું, સંપીને રહેવું, અંદર અંદર કલેશ કંકાસ ન કરવો અને આ પ્રમાણે સ્વજનનું ઉચિત સાચવવું.

હવે અન્ય દર્શની સાથે ઉચિત જાળવવાને અંગે કહે છે કે–' તેને યોગ્ય સમયે દ્રવ્યાદિક આપવું. રાજમાન્ય હોય તો વિશેષે દ્રવ્યાદિક આપવું. ઘટિત સત્કાર કરવો. તેને નમસ્કાર ન કરવો. તેનો પક્ષ ન કરવો. તેના કાર્યને અનુમોદન ન આપવું. તેના ગુણાનુવાદ ન કરવા. પોતાને ઘરે આવે તો આસન આપવું. ઘટિત સન્માન કરવું.' આ પ્રમાણેની હકીકત સાંભળી શિષ્ય પ્રશ્ન કરે છે કે–' શુદ્ધ શ્રાવક એ પ્રમાણે શામાટે અન્ય દર્શનીનું સન્માનાદિ કરે?' ગુરૂ કહે છે કે–' એમ કર્યા વિના છુટકો નહીં. તે એટલો પણ વિવેક ન કરે તો તે જૈનધર્મની સામો થઈ હાનિ કરે; તેથી સમકિત દૃષ્ટિ પણ પોતાનું ઘર જાળવીને તેનું ઉચિત સાચવે.'

હવે શ્રાવકનાં ચોમાસાનાં કૃત્ય કહે છે–શ્રાવક ચોમાસામાં આળસ તજીને ધર્મકરણી વિશેષે કરે. દરરોજ અષ્ટપ્રકારી પૂજા કરે, નિત્ય નવા નવા નૈવેદ્ય પ્રભુ આગળ ધરે, પ્રભુ પાસે ધર્યા વિનાની વસ્તુ પોતે ન ખાય, પ્રભુ પાસે દીપક વિગેરે કરે, અષ્ટમંગળની રચના કરે, દરરોજ મુનિરાજને વહોરાવે અને બનતા સુધી મુનિ વહોરે તે વસ્તુજ પોતે ખાય. પર્વ દિવસે તો જરૂર એ પ્રમાણે કરે. વર્ષમાં અમુક દિવસે તે પ્રમાણે કરવાનો નિયમ કરે. ટુંકામાં દેવ ગુરૂની સારી રીતે ભક્તિ કરીને પછી પોતે આહાર લેય.

બનતા સુધી શ્રાવક રોજ સ્નાત્ર ભણાવે. દરમહિને તો જરૂર ભણાવે. દરવર્ષ મોટું સ્નાત્ર–વિશેષ વિધિ વિધાન સંહિત ભણાવે. જિનમંદિરપર ધ્વજા ચઢાવે. બનતા સુધી નિત્ય પ્રાસાદપૂજા કરે, અર્થાત્ જિનપ્રાસાદની સંભાળ કરે, ચોમાસામાં તો જરૂર કરે. વર્ષમાં અમુક દિવસોએ ચૈત્યપૂજા કરે અને તે રીતે ભવનો પાર પામે.

દરવર્ષ દરેક જિનચૈત્યે અથવા એક જિનચૈત્યે વાળાકુંચી, અંગલુહણા વિગેરે ઉપગરણો મૂકે. બને તો નિરંતર દિપક કરે, ધૂપાદિક પૂજાના પદાર્થો મૂકે, તેમજ પોસહશાળાએ ઉપાશ્રયે દરવર્ષ નવકારવાળી, ચરવળા, કટાસણા વિગેરે ચારિત્રના ઉપગરણો મૂકે, પાટપાટલા કરાવીને ધર્મસ્થાનકે વાપરવા મૂકે, પ્રભાવના કરે, સ્વામીવત્સળ કરે, કાયોત્સર્ગ કરે, તપ કરે, સ્વાધ્યાય કરે, પચ્ચખ્ખાણ દરરોજ કરે. બનતા સુધી સચિત્ત તજે, સર્વથા ન તજી શકે તો તેની સંખ્યા વિગેરેનું પ્રમાણ કરે.

For Private And Personal Use Only

હવે સચિત્ત પદાર્થો કયા કયા છે તે કહે છે. પાણી, જીરું, અજમા, રાઈ, સુવા, વરીયાળી, ખસખસ, લીલાં ફળ, પાન, લૂણ, રાતો ને ખારો સિંધવ, સંચળ, કાચી-માટી, ખડી, લીલાં દાતણ એ સર્વ સચિત્ત છે. તેમજ ગહું, મગ, ચણા વિગેરે આખા ધાન્ય સચિત્ત છે. મગ ને ચણાની દાળ પણ અમુક વખત સુધી મિશ્ર રહે છે, લવણાદિકનો પટ દઈને ઉકાળવાથી તે અચિત્ત થાય છે. અથવા ગરમ રેતીમાં શેકવાથી અચિત્ત થાય છે. ઓળા, ઉંબી, વાસોળીઆ એ સચિત્ત છે. શેકેલ પાપડ અને શેકેલ મગફળી વિગેરે લૂણ સાથે મેળવવાથી અચિત્ત થાય છે. ચિભડાં પ્રમુખ બહુબીજવાળા પદાર્થ વઘારવાથી, મરીયાતાં કે રાઈતાં કરવાથી અને મીઠું દેવાથી પણ મિશ્ર રહે છે, તે સચિત્તત્યાગીએ લેવા ઘટતા નથી. બીજ તદન કાઢી નાખ્યા હોય અને પછી તેને અગ્નિ લવણાદિકનો સંસ્કાર થયેલ હોય તો તે અચિત્ત થાય છે.

ઋષભદાસજી કહે છે કે—'આ હિતશિક્ષા શ્રાવકજન માટે કહી છે. વળી બીજો પણ ઉપદેશ આપું છું. બાકી સુખીને તો ઉપદેશની શી જરૂર છે? કેમકે તેને તો જોઈએ તે મળ્યું છે.' કર્ત્તા કહે છે કે–"ભાઈઓ ! કોઈ ખાસ કારણ વિના પરદેશ–દૂરદેશ ન જશો, કેમકે દૂરદેશ જવાથી ધર્મ ને કામ બંને વર્ગ સીદાશે અને અર્થનો પણ સંદેહ રહેશે. જો અહીં પોતાના સ્થાનમાં ઉદ્યોગ ન સૂજે–આજીવિકા પૂરતું પણ નજ મળે તો પરદેશ જવું, પરંતુ એવી રીતે જનારે પણ પરદેશમાં બહુ રહેવું નહીં. બનતા સુધી ચોમાસામાં ઘરે આવવું. કદિ ન અવાય તો પણ ચોમાસામાં શ્રાવકે એકસ્થાનકેજ રહેવું, ગામે ગામ ફરવું નહિ, કેમકે ચોમાસામાં ફરવાથી જીવવિરાધના વિશેષ થાય છે. પોતાને શરીરે પણ કષ્ટ વધારે પડે છે. વૃષ્ટિ લાગે, પવનના ઝપાટા લાગે, ટાઢે હાડ ખડખડે, જોરાવર પવન હોય તો મુશ્કેલી થઈ પડે, નદી ઉતરતાં પૂર આવવાનો ભય રહે, વખતે પૂરમાં તણાઈ જવાનું થાય તો ધર્મને ધન બન્નેથી ચુકે–બન્ને જાય. તેથી મુસાફરી કરવી કે ફરવું હરવું તે શેષકાળે આઠ મહિનામાં રાખવું."

પરદેશ જતી વખતે ચંદ્ર ને વાર જોઈને જવું. ગુરૂવારે દક્ષિણ દિશા તરફ ન જવું; તે દિશાએ દિશાશૂળ હોય છે. સોમવારે ને શનિવારે પૂર્વ તરફ ન જવું; બુધવારે ને મંગળવારે ઉત્તર તરફ ન જવું અને શુક્રવારે ને રવિ-વારે પશ્ચિમ તરફ ન જવું. તે દિશાએ તે તે વારે દિશાશૂળ હોય છે, તેથી કાર્યસિદ્ધિ થતી નથી. તેમ છતાં જવાની જરૂરિયાતજ હોય તો તેનો ઉપાય બતાવે છે. રવિવારે સુખડનું, સોમવારે દહીંનું, મંગળે માટીનું, બુધે ઘીનું, ગુરૂવારે લોટનું, શુક્રવારે તેલનું અને શનિવારે ખળનું કપાળમાં ટીલું કરીને જવું. વળી પરદેશે જવું ત્યારે ચંદ્રમંડળની સામે ચાલવું અથવા ચંદ્ર જમણો રાખવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જમણો રહે તો બહુ સુખકારી થાય છે. ચંદ્રનું મંડળ કઈ રાશીમાં કઈ દિશાએ હોય તે કહે છે–મેષ, સિંહ ને ધન રાશી હોય ત્યારે ચંદ્રમંડળ પૂર્વમાં હોય. વૃષ, કન્યા ને મકરરાશીમાં દક્ષિણ દિશામાં હોય. મિથુન, તુલા ને કુંભરાશીમાં પશ્ચિમ દિશામાં હોય અને કર્ક, વૃશ્ચિક ને મીન રાશીમાં ઉત્તર દિશામાં હોય. તેથી તેની સામું ગમન કરવું અથવા તેને જમણો રાખવો, ડાબો કે પુંઠનો ન રાખવો, કેમકે તે સુખકારી થતો નથી. શનિ શુક્ર ને સોમવારે તેની સામે સાડા આઠ પગલાં ભરવા, ને પછી ગમન કરવું. રવીવારે ૧૧ પગલાં, બુધવારે ૮ પગલાં, મંગળવારે ૯ પગલાં ને ગુરૂવારે ૭ાા પગલાં ભરવાં, ને પછી ગમન કરવું.

વળી સારૂં ચોઘડીયું જોવું, જોગિણીચક્ર જોવું, તેમજ દહીંનું ભોજન કરીને ચાલવું. શ્રી દેવગુરૂને વંદન કરીને તેમજ યાચક જનને કાંઈક આપીને ચાલવું; કારણકે દાનથી દારિદ્ર નાશ પામે છે.

માર્ગમાં ભોજન કરવા સારૂં સ્થાન જોઈને બેસવું. પ્રથમ કાંઇક પુણ્યકાર્ય કરવું અર્થાત્ સુપાત્રે કે અનુકંપાએ દાન આપીને પછી જમવું, દીનદુઃખીને જોઈને તેને થોડું પણ જરૂર આપવું. ઉત્તમ આહારની જોગવાઇ હોય તો શુભસ્થાનકે જિનમંદિરાદિમાં મોકલવો, કેમકે તે એક મુક્તિનો માર્ગ છે. દીન, ક્ષીણ, જોગી, સંન્યાસી, કડી, કાપડી, મઠવાસી વિગેરેને યથાયોગ્ય આપવું. તેમાં કુળ, જાતિ, તપ, વિદ્યા વિગેરે કાંઇ ન જોવું. આ માર્ગ ભોજનવિધિનો સમજવો.

પરદેશમાં રાત્રીએ અણજાણ્યા મકાનમાં ન સુવું; ખાત્રી કર્યા પછી સુવું. પરદેશમાં વ્યાપાર ભલા માણસ સાથે કરવો, નાદાન સાથે ન કરવો; અને યથાયોગ્ય પેદા કરી વહેલાં ઘરે આવવું.

હવે પરચુરણ શિખામણ આપે છેઃ–ઇંદ્રિયોને બહુ દુઃખ ન દેવું, તેમ તેને બહુ લાલચ પણ ન આપવી. જ્યાં ધર્મ અર્થ કે કામની સિદ્ધિ ન હોય તે કામ કરવું નહીં. વિષમ આસન પર બેસવું નહીં. સભામાં કુચેષ્ટા કરવી નહીં. માથે બહુ ભાર ઉપાડવો નહીં. સાંજે દહીંનો આહાર કરવો નહીં. ચંદ્ર સૂર્યનું ગ્રહણ જોવું નહિ, કેમકે તે વખતે વ્યંતરાદિક છળે છે. ગર્ભવંતી સ્ત્રીએ તો ખીલકુલ જોવું નહીં, કેમકે જોવાથી બાળક ગ્રહણઘેલું થાય છે. પોતાના પગે પગ ડાબવા નહીં, ભોંય ખોતરવી નહીં, પગવડે ધૂળ ઉડાડવી નહીં, કારણ એ બધા અપલક્ષણ ગણાય છે. સવારે મૈથુન સેવવું નહીં, પ્રભાતે ઉંઘવું નહીં, મોટે સ્વરે ભણવું નહીં, અને સંધ્યાકાળે આહાર કરવો નહીં, એ ચાર કાર્ય કરતાં શું હાનિ થાય ? તે કહે છે. પ્રાતઃકાળે મૈથુન સેવતાં ગર્ભ રહે તો તે ગર્ભ ક્રૂર થાય છે, પ્રભાતે ઉંઘવાથી લક્ષ્મીનો નાશ થાય છે, પ્રભાતે ઉંચે સ્વરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાતાં વ્યંતરાદિ છળે છે અને મૃત્યુનો ભય પ્રાપ્ત થાય છે, સંધ્યાકાળે જમવાથી રોગની ઉત્પત્તિ થાય છે, તેથી તે ચારે વાનાં ન કરવાં.

શ્રાવકે સંધ્યાકાળે ગુરૂ સમીપે જઈને પડિક્કમણું કરવું. આખા દિવસમાં લાગેલાં પાપ આલોવી–ખોઈ નાખી શુદ્ધ થવું. એવી રીતે કરવાથી પાપનો નાશ થાય છે અને પુણ્યનો બંધ થાય છે. પ્રતિક્રમણ ન થાય તો બે ઘડી પ્રમાણ સામાયિક કરી શુભ ધ્યાન કરવું. ત્રણે મુદ્રા વિગેરેના ભેદ સમજવા. અંગમાંથી આળસ દૂર કરવું. પંચાંગ ખમાસમણ ગુરૂમહારાજાને દેવા. પ્રતિક્રમણમાં રજોહરણ અવશ્ય રાખવો, ઉજ્વળ મુહપત્તિ મોઢા પાસેજ રાખવી; દૂર ન કરવી. પહેરવાનું વસ્ત્ર પણ ઉજવળ રાખવું; મેલું કે સાંધેલું અથવા ફાટેલું ન રાખવું. પ્રથમ વસ્ત્રાદિકની પડિલેહણા કરીને પછી પ્રતિક્રમણ કરવું. તેમાં બોલાતા સૂત્રોના અર્થ મનમાં ચિંતવતા જવા. સ્તવન પોતે કરવું અથવા બીજા કહે તે ધ્યાનપૂર્વક સાંભળવું, જો તેમાં લય લાગી જાય તો પાપ નાશ પામે છે, અને કહેતાં કે સાંભળતાં જો કાંઈ પણ કષાય થાય તો ઉલટાં પાપ બાંધીને ઘેર જવાનું થાય છે. પ્રતિક્રમણમાં પ્રાંતે શાંતિ કહેવી અથવા સાંભળવી. પછી સઝાય ધ્યાન કરવું. છેવટે ગુરૂમહારાજ પોરિસી ભણાવે તે સાંભળીને શ્રાવકે ઘરે જવું. આ પ્રમાણે સંધ્યાવિધિ જાણવો. અપૂર્ણ.

# वर्तमान युगमां नॉवेलोनुं स्थान.

પ્રાચીન યુગમાં જ્યારે જ્યારે માનુષી જીવનમાં ધર્મતત્વોનો સંચાર કરવાની ફરજી જરૂર જણાઈ ત્યારે ત્યારે તે તત્વોનાં સૂક્ષ્મસૂત્રો જગતમાં આપ્તગ્રંથોરૂપે ગોઠવાયા. ક્રમે માનુષી પ્રવૃત્તિ વ્યવસાયમય થતાં તે સૂત્રો સમજવાની કાળજી ઓછી થવા લાગી, એટલે પૂર્વ મહર્ષિઓએ તે તત્વના સંમિશ્રણવાળા કથાનક ગ્રંથો રચીને ધર્મતત્વને જગતમાં ફેલાવવા અવિશ્રાંત પ્રયાસ આદર્યો; પણ કથાનક ગ્રંથોનું સ્થાન હાલમાં નોવેલોએ લીધું હોય તેમ દ્રષ્ટિગોચર થાય છે. માત્ર વિકાર એટલોજ થયો છે કે–પ્રાચીન કથાઓમાંથી રાજારાણીની વાર્તાઓથી જગતને નીતિપાઠ મળતા હતા, ત્યારે તેના સ્થાનને શોભાવવાના ડોળ કરનારા નોવેલોમાં વિષયુક્ત કાદમ્બરીઓ ચિતરાયેલી હોય છે. જેમાં આશુક માશુકને પરસ્પર આકર્ષી અન્યોઅન્યમાં પ્રેમરસ પ્રકટાવી જુદા પાડે છે અને અંતે તેઓને મહામુશ્કેલીમાંથી પસાર કરાવીને વિચિત્ર સંયોગે દંપતીરૂપે મેળાપ કરાવે છે. આવી રીતના પાત્રોને નોવેલના નાયક નાયિકા ગણી ... આધુનિક કાળના નોવેલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવવામાં આવે છે. આવા નોવેલોનાં વાંચનથી બાળકોના કુમળા મગજમાં વિષયવિકારે એવું સ્થાન લીધું છે કે જેથી ભવિષ્યમાં પોતાની સારી જીંદગીમાં આરોગ્યતાનું સુખ ચાખનારા બાળકો અલ્પ સંખ્યામાં માલૂમ પડે છે. આમ સુખરૂપ જીંદગી બનાવવાની અતિ અભિલાષાને આધુનિક નોવેલોનું સ્થાન દોષભૂત છે એમ કેમ ન માની શકીએ?

હવે આ પદ્ધતિને અનુસરવું અયોગ્ય છે એમ સમજવા છતાં કેટલાક સાક્ષર તરીકે મનાતા નોવેલકથાકાર **વિદ્વાનો** ઐતિહાસિક બીનામાં તે પદ્ધતિનો સંસ્કાર કરે છે, અર્થાત્ આ નવલકથાઓમાં ગરભાષાના રસિક **નોવેલોના આદર્શ** વિભાગો લઇ ભૂતકાળના મહત્વશાળી પાત્રોને તેમાં ગુંથી અલંકારિક ભાષામાં મોહકતા દેખાડે છે, પરંતુ આ રીતે અનુસરવામાં ખાસ તેઓ અમુક ભૂલને તો પોષ્યાજ કરે છે અને ઐતિહાસિક પાત્રોને કાલ્પનિક કથામાં બેસાડી સત્યાસત્યની દરકાર બહુજ વેગળી મૂકાતી જાય છે.

કેટલાક નવલકથાકાર **મહાશયો** ગુજરાતના ઇતિહાસમાં **જૈનમંત્રીઓનું** સત્યસ્વરૂપ ચિતરવાનો પ્રસંગ આવતાં અણઘટતી કલ્પનાઓનો અધિકાંશે ઉપયોગ કરે છે; પણ તેઓએ સૂક્ષ્મ બુદ્ધિથી ઈતિહાસમાં પ્રવેશ કરીને તપાસવું જોઇએ કે "**વનરાજ ચાવડાથી વાઘેલા વીરધવલ**" સુધીની વંશાવળીના રાજાઓએ જે રાજ્ય તપાવ્યું-ચલાવ્યું છે, તે માટેનું માન કયા કયા મંત્રીઓને ઘટે છે? અને તે મંત્રીઓ કયાકયા ધર્મના હતા. આ દરેકનું વિવેચન પ્રસંગે જનતા સમક્ષ મૂકાશે; પરંતુ અત્યારે તો માત્ર **ચાંપરાજ, વિમલમંત્રી, મુંજાળ, ઉદાયન,** અને **વસ્તુપાળ**" વિગેરેનાં નામમાત્રથી સર્વ કોઇ સમજી શકશે કે માત્ર ગુજરાતની રાજસત્તાને પ્રબળ રીતે ટકાવનાર કોઇ હોય તો તે ગુજરાતના "**વણિક્ મંત્રીઓજ હતા**" અને તે વાણીયાના હાથમાંથી, ગુજરાતની લગામ સરી પડતાંજ "**હિંદુસ્તાનનો નાશ, દેશની ઉથલપાથલ,** અને ઐતિહાસિક કલંકિત પ્રસંગો ઉપસ્થિત થયા છે. ઐતિહાસિક બાબતોનો પ્રકાશ ગુજરાતીમાં ફેલાવવા માટે **ઠક્કર નારાયણ વસનજીએ** સારો પરિશ્રમ લીધો છે, પરંતુ તેની અમુક ગ્રંથ ચીતરનારી કલમ તો ભારોભાર ઝેરથી ઓતપ્રોત છે. આગળ વધીને કહું તો તેઓના અમુક પુસ્તકોને તો સુશીલ સ્ત્રીઓ કે હિંદના કોમળ બાળરત્નોએ હાથમાંજ લેવા ન જોઇએ. ઉપરાંત છેલ્લા વર્ષોમાં **રા. રા. મુનશીએ** પણ નવલકથાકાર તરીકે સારો પરિશ્રમ આરંભ્યો છે.

તેમણે પરભાષાનું મંથન કરવામાં સારો પ્રયત્ન કર્યો છે. તેમણે બહાર પાડેલા લોકપ્રિય નોવેલો તપાસશું તો માલુમ પડશે કે તેમની **વેરની વસુલાત** માં **કાઉન્ટ ઓફ મોન્ટે ક્રીસ્ટોનું** અનુકરણ છે. **પાટણની પ્રભુતાએ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થ્રીમસ્કેટીઅર્સની શૈલી સંપાદન કરેલ છે અને " ગુજરાતના નાથમાં " " Twenty years Afor " નો પ્રતિભાસ છે. કેટલાક વાંચકો તો વેરની વસુલાતમાં સરસ્વતીચંદ્રથી થયેલ વર્ણશંકરતાની આશંકા કરે છે. માત્ર તેમાં એટલોજ તફાવત છે કે સરસ્વતીચંદ્રનો અંતિમ ભાગ વૈરાગ્યમય છે, જ્યારે વેરની વસુલાતમાં વેરનો બદલો વાળવામાં રોકાયેલ છે, તો પણ એકંદરે વિવેચનશૈલી લોકપ્રિયતા પામે તેવી છે, પણ ગુજરાતના ઈતિહાસમાં સુપ્રસિદ્ધ પાત્રો હેમચંદ્રાચાર્ય તથા આમ્રભટ્ટને પોતાના ગુજરાતી માસિકની ચાલુ વાર્તા રાજાધિરાજમાં લખવા મુજબ કથા કાલ્પનિક હોય છતાં ઐતિહાસિક પાત્રનો સંબંધ બેસાડી તેમના સચ્ચારિત્રને અતિ અયોગ્ય ચિતરવાં વિષયુક્ત પૂરાવા વિનાની કલમે જૈનસમાજની લાગણીને દુઃખ ઉત્પન્ન કરાવ્યું છે ને ઈતિહાસ શોભાવનારા પવિત્ર પુરૂષોમાં માનસિક અપવિત્રતા દેખાડવાની બુદ્ધિહિનતા બતાવી છે. મુનશી જેવા ઇતિહાસનું મંથન કરનાર તેમજ જુદા જુદા ધર્મના સાહિત્યનો પ્રકાશ કરનાર જ્યારે અમુક ધાર્મિક લાગણીને દુઃખ કરનારૂં લખાણ લખે ત્યારે તેનો જવાબ તે ફીરકો શું ન માગી શકે ? અમોને જરૂર રા. મુનશી જેવા ચુનંદા લેખક માટે ઘણું માન છે, અમો તેમના સુપ્રસિદ્ધ પુસ્તકોના પરિચયમાં સારી પેઠે આવ્યા છીએ, પણ તેમની સુપ્રસિદ્ધ લેખનશૈલીનો પરિચય દુઃખ ઉત્પન્ન કરનારો હોઇ અમારે અત્રે લખવાની હવે અગત્યતા રહેતી નથી, કારણ કે રતિપતિરામ પંડ્યા, ઠ. ના. વ, મુનિજ્ઞાન વિ., મુનિ ન્યાયવિ., આત્માનંદ સભાના સેક્રેટરી રા. વલભદાસ ત્રિભોવનદાસ વિગેરેએ સત્ય બીનાને બહાર લાવવા જે જે પ્રયત્ન કરેલ છે તે ઉપરથી એટલું સમજાઇ આવે છે કે કોઇ વ્યક્તિ પોતાના એક દોર ઉપર જગતને નચાવવા ધારે તે મિથ્યા છે.

રા. મુનશીના મિત્રમંડળ તરફથી નીકળતું ગુજરાત પત્ર તેની ભાવનાને પોષવાનું–સ્વમિત્રોની પ્રશંસા કરવાનું સાધન થઇ રહેલ છે. તેમાં ભલે પોતાને સંમત કે ભ્રાતૃભાવવાળા લેખો તેઓ લેતા હોય પણ તે સિવાયના બીજા લેખો લેવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં તદ્દન નાકાર પરખાવે છે. આ પ્રમાણે હોવાં છતાં કેટલાંક ધર્મપ્રિય સત્યપ્રેમી વ્યક્તિઓ સાહિત્યસંસદન સભ્ય થવાથી પોતાની જોખમદારીને કેમ ભૂલી ગયા છે તે આશ્ચર્યયુક્ત છે. સત્ય પાત્રોમાં કલ્પિત ભાવ ઠસાવવામાં રા. મુનશીએ જે વકીલાત વાપરી છે તેનો ખુલાસો પૂરાવા સહિત રા. મુનશી કરે અથવા પોતાની માન્યતા સાચીજ છે એમ સાબીત કરી આપે તે જરૂરનું છે, પરંતુ તેમ કરવામાં ધર્માંધતા, અકળાપ્રિયતા, ઇતિહાસની અનભિજ્ઞતા કે આધુનિક યુગની અપિછાનતા વિશેષણો ન આવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ. કદાચ પોતાની વાત તદ્દન કલ્પિત હોવાનો દાવો કરતા હોય તો પોતે કલ્પનાનોવેલ રચવામાં શા માટે ઐતિહાસિક પાત્રો ગોઠવે છે. વેરની વસુલાતની પેઠે નવીન વાતો કલ્પી ગમે તે ભાષાના વિચારો ઉદ્ધૃત કરી તદ્દન નવીન ગ્રંથ બહાર પાડ્યો હોત તો શું સાહિત્યરસિકોને રા. મુનશીની આવી ભૂલો પ્રત્યે દ્રષ્ટિક્ષેપ કરવાની જરૂર પડત? અને તેઓ આબાદ રીતે નવલકથાકારની ઉપમા તપાસી શકત? તેથી સમજી શકાય છે કે ગમે તે ભાવથી રા. મુનશીએ સમકાલીન ઐતિહાસિક નામોનો તેમાં સમાવેશ કરેલ છે.

આધુનિક ગુજરાતના ઇતિહાસને મજબુત રીતે ટકાવનાર **જૈનગ્રંથો** છે. જૈનમુનિઓનાં કરેલાં ગ્રંથો બાદ કરીએ તો ગુજરાતના ઐતિહાસિક સાધનો તદ્દન **અલભ્ય** છે, તેથી દરેક સાક્ષરો ઇતિહાસને લખવામાં **જૈનગ્રંથોનોજ આધાર લે છે,** જ્યારે મુનશી જૈનગ્રંથો ઉપરથી બધી બીના લીધા છતાં પણ પણ **જૈન ઇતિહાસને ખોટો ઠરાવવા** મથે છે. ન માલુમ શું કારણ મળ્યું હશે કે તેમને આ પ્રમાણે અન્યથા પ્રયત્નમાં કાળવ્યય કરવો પડ્યો છે?

આ ઉપરથી સમજી શકાય છે કે ઐતિહાસિક સત્યને છુપાવી તેમના પાત્રો સાથે કલ્પિત સંબંધો બંધબેસતાં કરીને વિદ્વાનોની પંક્તિમાં બેસવા કરતાં સ્વમતિથી કલ્પિત ઘટનાઓ ચીતરવી એ વધારે હિતાવહ છે. આ લેખથી વાંચકોએ એમ ન માનવું કે હું ઐતિહાસિક ભાગને નવલકથારૂપે ઉતારવામાં અસંમત છું, પણ હું એમ માનું છું કે સત્ય બીનાને ચાલુ પદ્ધતિથી લખવી હોય ત્યારે તે કાર્યનો ભાર યોગ્ય અનુભવી પુરૂષે ઉઠાવી લેવો જોઈએ.

અત્યારે જે ગ્રંથો હિંદના હૃદયમાં પ્રેમી બન્યા છે તેનું કારણ માત્ર તે ગ્રંથો નથી પણ તે ગ્રંથો રચનારની ચારિત્રની ઉર્મીઓ છે અને તેથીજ **આચારાંગ, વેદ, મહાભારત, રામાયણ, ધર્મબિંદુ, કબીરવાણી** વિગેરે ગ્રંથો ઘેરઘેર પૂજાય છે.

એટલે ચિત્ત–સંયમ, નિઃસ્પૃહતા–સ્વભાવ, સત્યવચન ઇત્યાદિ ગુણો જેમાં ખીલેલા હોય એવો પુરૂષ જગતનું સત્ય બહાર લાવવા પ્રયત્ન કરે તોજ તે સફળતા પામી શકે. બાકી જેમાં એક તરફી વલણ, આત્મશ્લાઘા અને મિથ્યાભિમાન ઇત્યાદિ કોઇ પણ અવગુણની અધિકતા હોય એવો **યોગી, સાક્ષર, ધનવાન** કે **સન્યાસી** નવીનતા દેખાડવામાં પોતાની હાર્દભાવનાના સંસર્ગે ઉચ્ચપાત્રોને હલકટ તરીકે ચીતરવાની ભૂલ કરી મૂકે છે. "નિર્દોષ પાત્રને પ્રપંચી બનાવી કાઢે છે." પરંતુ તેજ કાર્ય કરવામાં ઉત્તમ પુરૂષ સદોષ પાત્રમાંથી પણ ગુણ અવગુણની તારવણી કરી ગુણગ્રાહકતાને અવલંબે છે.

શું આ દશા આવ્યા વિના લોકની હુંફમાં જેમ આવે તેમ લખવા માંડવું તે ઉચિત છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સર્વે સાક્ષરોને અંતિમ સૂચન એટલુંજ કરવાનું છે કે ઉપલબ્ધ થતા ઐતિહાસિક સાધનોથી એક એવો ઇતિહાસ તૈયાર કરવાની જરૂર છે કે જેમાં ઉપલબ્ધ થતી દરેક બીના પૂરાવા સહિત વર્ણવી હોય. આ પ્રમાણે બનવાથી કેટલાક સાક્ષરો અમુક પૂરાવાનાં અભાવે સત્ય બીના પ્રગટ કરવામાં જે ગોટાળા કરી મૂકે છે તે તેમ કરતાં અટકશે. **મુનિ દર્શનવિજયજી.**

# આત્મવિકાસ અર્થે મનને બોધ.

હે ભવ્યાત્મા! તું આ સ્વાર્થી જગત્ ઉપર શું મોહી રહ્યો છે? ખરેખર તારૂં અંતિમ સગું કોઈ નથી. તું જેને તારી વહાલી વસ્તુ ધારે છે ( સ્ત્રી, પુત્ર, મિત્ર વિગેરે. ) તે પણ સ્વાર્થનાંજ સગાં છે. અરે! જે શરીરવડે તું આટલું કાર્ય કરી શકે છે અને જેને માટે તું મમતા રાખે છે તેને પણ મૂકીને ત્હારે–આત્માને છુટું પડવાનું છે. બીજી સાંસારિક કઇ ચીજો તારી સંગતી થશે? ત્હેં હજારો શરીર ધારણ કર્યાં, ઘણા ભોગ ભોગવ્યાં, પુષ્કળ ખાધું, ઘણી વખત દ્રવ્યનો સંચય કર્યો છતાં હજુ તને તેજ પ્રિય છે. તું ત્હારી આગળ જે વસ્તુઓ જુએ છે તે ત્હને આ સંસાર ઉપર આસ્થા–મોહ–પ્રેમ વધારે છે. જો તું આમ ખાલી જગત્‌ના મોહમાં ફસાઇ જઇશ તો મુક્તિને સારૂ જે આ માનવભવ તને પ્રાપ્ત થયો છે તે તું ક્યારે સફળ કરીશ?

અરે આત્મન્! આ દુનિયામાં પૂર્વે થઇ ગયેલા યુધિષ્ઠિર, રામ, કૃષ્ણ, ભરતાદિને પણ કાળ લઇ ગયો તો તે તને કેમ છોડશે? હજારો નગરો, કરોડો માણસો કે જેમનાં નામમાત્ર આપણે જાણી રહ્યા છીએ તે સઘળાં કાળાધીન થયાં તો તું અલ્પ પામર જીવ શા માટે અભિમાન–મમતા રાખે છે? તું યાદ રાખ કે મરણ પછી પુન્ય ને પાપજ સાથે આવવાનું છે, માટે ધર્મ આચર. કહ્યું છે કે–

महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं, तर यावन्न भिद्यते ॥ १ ॥

ભાવાર્થ–"તારાથી આ શરીરરૂપી નાવ (હોડી) ઘણા પુણ્યરૂપી ખર્ચથી આ દુઃખરૂપી સંસારસાગર તરવાને માટે ખરીદાયેલી છે, માટે તેનો નાશ થયા પહેલાં તું તેનાવડે સંસાર તરી જા."

હે આત્મન્! તું ખોટા સ્વાર્થનો ત્યાગ કર. ખરૂં જોતાં તું તારો ખરો સ્વાર્થ મોક્ષની પ્રાપ્તિ કરવાનો ભૂલી જાય છે અને સાંસારિક સ્વાર્થમાં રચ્યો પચ્યો રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આમ કરવાથી પરમાર્થની હારી વૃત્તિનો નાશ થાય છે. અને ધાર્મિક વૃત્તિઓ--પ્રેરણાઓ દબાઈ જાય છે.

હે આત્મા ! તું અભિમાનનું-મદનું તો કદી પણ નામ લઈશજ નહિ. પૂર્વે રાવણે અભિમાન કર્યું હતું તેનું તેને યોગ્ય ફળ મળ્યું હતું, તેનો નાશ થયો હતો. તને આખું જગત વખાણે તો પણ તું હારી જાતને વખાણીશ નહિ. ખરો સ્વાર્થ સર્યા વિના તેને સફળ માનીશ નહિ.

હે માનવ ! તું બીજાનું ભલું થતું જોઇને અદેખાઈ કરીશ નહિ. તેમ કરવાથી ચિંતારૂપી શત્રુ હારા મન ઉપર આરૂઢ થશે અને તું હારા આત્માને અધમ દશામાં દોરી જઇશ. બીજાનું ભલું થતું હોય ત્યારે તું વિચાર કર કે તેણે કેવી રીતે પોતાનું ભલું કર્યું ? પછી તું તે માર્ગ ગ્રહણ કર. વળી અન્ય જનોમાંથી તું અવગુણ ખોળ્યા કરતાં ગુણ ખોળી તે ગ્રહણ કરવાની ટેવ રાખ, એટલે હારામાં સમાનતાની ઉચ્ચ લાગણીઓ ઉત્પન્ન થશે. વળી ક્રોધરૂપી શત્રુ પણ દ્વેષની લાગણીથી ઉત્પન્ન થાય છે, માટે "પોતાની જાતના જેમ બને તેમ દોષ જો અને પારકાના દોષ ન જોતાં ગુણ જોઇ તે ગુણ ગ્રહણ કર."[1]

હે માનવ ! મનના દુર્વિચારોને અટકાવ, એટલે ઈન્દ્રિયોની ખરાબ પ્રેરણા અટકશે, જેથી તું દુઃખ ખમવાને સમર્થ થઇશ. કારણકે જીભ જેવી ઇન્દ્રિયને તેના બન્ને કાર્યમાં (બોલવામાં અને ચાખવામાં) અટકાવવામાં ન આવે તો તે ઘણી હાનિકારક થાય છે.

હે માનવ! તું સર્વે તરફ સમાનતા-સમાન વૃત્તિ રાખ કે જેથી ક્રોધ, દ્વેષ અને અભિમાનરૂપી શત્રુઓને તું હણી શકે-નાશ કરી શકે. કારણ કે-

मातृवत् परदारेषु, परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत्सर्वभूतेषु, यः पश्यति स पण्डितः ॥ १ ॥

ભાવાર્થ-'પરસ્ત્રીને, પોતાની માતા સમાન, પારકાનું ધન માટી સમાન અને સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન જે ગણે છે તેનેજ પંડિત જાણવો.' તું પણ તેમજ માનીને હારા આત્માને ઉત્તમ પ્રકારની કેળવણી આપી પ્રવીણ કર.

હે આત્મન્ ! "હું વિદ્વાન્ છું, હું બધું સમજું છું, મને કશું જાણવાનું બાકી નથી." આવી ભાવના તું કદી હૃદયમાં આણીશ નહિ. તે તને અભિમાની બનાવશે અને ફસાવશે. માટે પોતાના દોષ સુધારવા પ્રયત્ન કરીશ, તોજ ખરી ઉન્નતિ--વિકાસ થઈ શકશે.

હે આત્મન્ ! હારામાં અપૂર્વ બળ છે, અનહદ સામર્થ્ય છે, પણ એ સઘળું આધ્યાત્મિક બળ તને યોગ્ય પ્રયાસ વિના મળી શકશે નહિ, તેને માટે પૂરતા પ્રયાસની જરૂરિયાત છે.

૧ Think too much of yourself and too little of others.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે માનવ! "હું કોણ? મારાં સગાં સંબંધીઓનો સ્નેહ સંબંધ કેવો? હું શા માટે આ માનવજીવન પામ્યો છું?" આવી ઉચ્ચ વિચારણા પ્રતિદિન મનમાં આણ, ધર્મની લાગણી ધારણ કર, વખત જતો જાય છે, કાળ નજીક આવતો જાય છે, માટે તરત શુભ કાર્ય આરંભ, નહિતર કાળની ફાળ આવશે તો પછી તે કાર્ય અટકી પડશે; અને આ અમુલ્ય માનવજન્મ એળે ચાલ્યો જશે.

શાહ અમૃતલાલ છોટાલાલ—સાંતેજ.

# પ્રભુ પ્રાર્થના.

પ્રભુ પૂજા પ્રીતે કરો, હર્ષ આણીને આજ;
ભવજળ તરવા કારણે, જયો જયો જિનરાજ. ૧
જેમ જેમ પૂજન પ્રેમથી, કરીએ શ્રી જિનરાજ;
તેમ તેમ અશુભ કર્મમળ, થાયે જડથી નાશ. ૨
મોહજાળના પાસથી, બંધાણો છું ખાસ;
તે છુટવાની આશથી; આવ્યો છું તુજ પાસ. ૩
ચાર કષાયથી મુક્ત કરી, આપો શિવપુર રાજ;
બનેડા જૈનમંડળી, શિર નમાવે આજ. ૪
આદીશ્વરને ભેટીને, આજ થયો આનંદ;
જીવણ કહે કર જોડીને, ટાળો ભવના ફંદ. ૫

# અત્યંત ખેદકારક નોંધ.

## ૧ શાહ ઓધવજીભાઇ ગીરધર. પોરબંદર.

આ ગૃહસ્થ જ્ઞાનપંચમીને દિવસે માત્ર બે કલાકના છાતીના દુખાવાથી પંચત્વ પામ્યા છે. એઓ બહુજ સુશીળ હતા. પોરબંદર ખાતે બહુ સંતોષવૃત્તિથી રહી શાંતિમય જીંદગી ગાળતા હતા. જૈનશાસ્ત્રના સારા ઉંડા અભ્યાસી હતા. કર્મગ્રંથમાં પ્રવીણ હતા. તેને અંગે નવા નવા સવાલો વારંવાર પૂછતા હતા કે જે આ માસિકમાં પ્રથમ અને આ અંકમાં પણ પ્રગટ થયેલ છે. તેમની રહેણી કરણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુકરણીય હતી. દિવસનો ઘણો ભાગ વાંચન ને મનનમાંજ ગાળતા હતા. તેમણે કેટલાક યંત્રો અને નકશાઓ પોતાના અભ્યાસને અંગે તૈયાર કરેલા છે તે પ્રગટ કરવા લાયક છે. હાનિકારક રીવાજો વિગેરે ઉપર કેટલાંક વૈરાગ્યોત્પાદક પદ્યો પણ તેમણે રચેલા છે. તેમની જૈનકોમને ન પૂરાય તેવી ખામી પડી છે; કારણ કે હવે એવા દ્રવ્યાનુયોગના અભ્યાસીઓ નવા થતા નથી. અમે તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના કુટુંબને અચાનક આવી પડેલા આ અસહ્ય દુઃખને અંગે અંતઃકરણથી દીલાસો આપીએ છીએ.

## ૨ મોદી છગનલાલ ત્રીકમ. રાણપુર.

આ રાણપુરનિવાસી ગૃહસ્થ ધાર્મિક મહોત્સવ પ્રસંગે વઢવાણ કાંપ ગયા હતા, ત્યાં અચાનક છાતીના દુખાવાથી મૃત્યુ પામ્યા છે. એઓ ખરેખરા ધર્મચુસ્ત હતા. રાણપુર ખાતે દેરાસર વિગેરેની સંભાળ રાખનારા હતા. સાધુ સાધ્વીઓ ત્યાં આવેલ હોય તો તેમની સારી રીતે સેવાભક્તિ કરતા હતા. અમે તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના કુટુંબને અંતઃકરણથી દીલાસો આપીએ છીએ.

આ બંને અમારી સભાના લાઇફ મેમ્બરો હોવાથી સભાને પણ યોગ્ય મેમ્બરોની ખામી પડી છે; પરંતુ કાળની ગતિ દુરતિક્રમ હોવાથી તેને આધીન થવું પડે છે.

# એક ઓળખાણ.

ભાવનગરનિવાસી **શ્રાવક બહેચરદાસ ભગવાન** કે જે પૂરા ધર્મિષ્ટ હતા, તેઓએ પાછળની જીંદગીમાં મુંબઇ રહીને પણ ઉપદેશાદિવડે અનેક શ્રાવક ભાઇઓ ઉપર ઉપકાર કર્યો હતો. તેમણે **સમાધિમરણ વિચાર** ૩૮૩ દુહાનો બનાવેલો તે **સજ્જન સન્મિત્રમાં** છપાયેલ છે. ઉપરાંત શ્રી મેસાણા **જૈન** શ્રેયસ્કર મંડળ તરફથી ખાસ **સમાધિવિચાર** એ નામની બુકમાં પણ તે પ્રથમ છપાયેલ છે. માત્ર તેમાં ૩૮૩ ને બદલે ૩૮૨ દુહા છપાયેલા છે, તેથી કર્ત્તાના નામવાળો દુહો તેમાં છપાયેલ નથી. તે દુહો આ પ્રમાણે છે.

ભાવનગરવાસી ભલા, સેવક શ્રી ભગવંત;
ભગવાનસુત ભગવાનકું, બેચરદાસ પ્રણમંત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ દુહા ઉપરથી તેના કર્ત્તાનું નામ પ્રસિદ્ધ થાય છે. કર્ત્તાએ આ ૩૮૩ દુહા ખાસ પોતાની બુદ્ધિથી બનાવેલા નથી, પણ બીજો આધાર મારવાડી ભાષાનો મળવાથી તેની ઉપરથી બનાવેલ છે. તેમણે એની અંદર કહ્યું છે કે—

મરણ સમાધિ વિચારની, પ્રત મળી મુજ એક;
તેણે મેં સમાધિ મરણ કો, વરણવ કીયો અતિ છેક. ૩૮૦
પણ ભાષા મરૂદેશકી, તીણમેં લખીયો તેહ;
તેણે કારણ સુગમ કરી, દુહા બંધ કીયો એહ. ૩૮૧.

આટલી હકીકત ભાવનગરવાસી એક ધર્મિષ્ઠ પુરૂષની ઓળખાણ તાજી કરાવવામાટે તેમજ એ **સમાધિમરણવિચાર** વાંચવાની ખાસ ભલામણ કરવા માટે લખવામાં આવી છે. સમાધિવિચારની બુકની અનુક્રમણિકામાં બેચરદાસનું કર્ત્તા તરીકે નામ લખેલ છે પણ તેનું વતન ભાવનગર લખેલ ન હોવાથી અમે ઓળખાણ પાડી છે.

# વર્ત્તમાન સમાચાર.

## અમદાવાદમાં વરઘોડો.

અમદાવાદમાં ગઇ દીવાળીને દિવસે શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણક સંબંધી વરઘોડો એટલો બધો સુંદર ને આકર્ષક ચડ્યો હતો કે તેનો ખરો અનુભવ જોનારનેજ થઈ શકે તેમ છે, બાકી અન્ય શહેરોવાળાએ તેનું ખાસ અનુકરણ કરવા યોગ્ય છે. આસન્ન ઉપગારી વીર પરમાત્માના પાંચે કલ્યાણકને દિવસે અમદાવાદ ખાતે વરઘોડા ચડે છે અને મહોત્સવ થાય છે. તે ખાસ અનુમોદન કરવા યોગ્ય છે. તેમજ અનુકરણ કરવાથી અત્યંત લાભ પ્રાપ્ત થઇ શકે તેમ છે.

## આગ્રામાં નવું જ્ઞાનમંદિર.

આગ્રા ખાતે ત્યાંના એક ઉદાર ગૃહસ્થે શ્રી વિજયધર્મસૂરિ મહારાજાના નામ સ્મરણ સાથે નવીન જ્ઞાનમંદિર બંધાવી તેમાં તે મહારાજશ્રીના લખેલા તેમજ છાપેલા અને પોતાના છાપેલા પુષ્કળ પુસ્તકોનો સંગ્રહ દાખલ કર્યો છે. તેને ખોલવાની ક્રિયા પણ બહુ સારી રીતે કરવામાં આવી છે. લક્ષ્મીચંદજી વેદે તેના નામમાં પોતાનું ને મહારાજશ્રીનું બંનેનું નામ રાખ્યું છે. ખોલવાને પ્રસંગે તેના નિર્વાહ માટે ૨૫૦૦૦) ની રકમ બીજી આપી છે. માસિક અને ન્યુસ્પેપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે પુષ્કળ મંગાવવાની ગોઠવણ કરી છે. અને તેને એક નમુનેદાર લાઇબ્રેરી બનાવવાનું ધાર્યું છે. તેની અંદરના પુસ્તકોનું લીસ્ટ છપાવવાની અને તેમાંથી વાંચવા આપવા કે મોકલવાના નિયમો પ્રગટ કરવાની આવશ્યકતા છે, કારણકે તેની અંદર ઘણા ઉપયોગી પુસ્તકો લખેલા તેમજ ઇંગ્રેજી છાપેલા છે કે જે બીજે મળવા મુશ્કેલ છે.

# પુસ્તકો વિગેરેની પહોંચ

## ૧ શ્રી ધર્મપ્રદીપ.

આ બુકની અંદર પ્રારંભમાં ઉપાધ્યાય શ્રી મંગળવિજયજી કૃત ચતુર્વિંશતિ જિનસ્તવન (ચોવીશી) છે. તેના દરેક સ્તવનમાં દ્રવ્યાનુયોગને લગતા જુદા જુદા વિષયો દાખલ કર્યા છે. ત્યારપછી શ્રી વિજયધર્મસૂરિનાં કરેલાં બે સ્તવનો લભ્ય થવાથી નાખ્યા છે, અને પછી શ્રી વિજયધર્મસૂરિની અષ્ટ પ્રકારી પૂજા બનાવીને દાખલ કરી છે. તે આઠ પૂજામાં યોગના આઠ અંગની કેટલીક હકીકત સમાવી છે. પ્રાંતે ૩-૪ સ્તવનાદિ છે. એકંદર સંગ્રહ સારો છે. તેમાં ગુરૂભક્તિ પરિપૂર્ણ દર્શાવી છે. કિંમત છ આના રાખી છે. ભાવનગર યશોવિજય જૈન ગ્રંથમાળા ઓફીસમાં મળી શકે છે. બુક ઉપયોગી છે.

## ૨ શ્રી અભયકુમાર મંત્રીશ્વરનું જીવન ચરિત્ર.

### ભાગ ૨ જો.

આ વિભાગમાં તે ચરિત્રના સર્ગ ૪ (૬-૭-૮-૯) નો સમાવેશ કર્યો છે. તેથી હજુ ત્રીજો ભાગ થશે. ભાષાંતર સુંદર કર્યું છે. પહેલો ભાગ વાંચનારાઓથી તેની પરીક્ષા થઇ ગયેલી છે. ચાર ચિત્રો બહુ સુંદર ને મોહક આપ્યા છે. શ્રીવિજયનેમિસૂરીશ્વરનો ફોટો પ્રારંભમાં આપેલો છે તે આકર્ષક છે. કિંમત રૂ. ૩) રાખી છે. તે બુકના પ્રમાણમાં વધારે લાગે છે. ભાષાંતર કર્તા ભાઇ મોતીચંદ ઓધવજી ભાવનગરવાસી છે કે જેઓ સંસ્કૃત ભાષાના સારા અભ્યાસી છે.

## ૩ હીરપ્રશ્ન (પ્રશ્નોત્તર સમુચ્ચય)

આ ગ્રંથમાં ઘણી બાબતોના ખુલાસા આપેલા છે. ભાષા સંસ્કૃત છે. પંડિત શ્રી કીર્ત્તિવિજયમહારાજે સંગૃહિત કરેલ છે. મુનિરાજ શ્રી ચતુરવિજયજીએ તૈયાર કરેલો છે અને શ્રી હંસવિજય જૈન ફ્રી લાઇબ્રેરી અમદાવાદ તરફથી પ્રસિદ્ધ થયેલ છે. આ ગ્રંથ પ્રથમ છપાયેલ છે પરંતુ સંશોધન કાર્ય વિગેરે આમાં બહુ શ્રેષ્ઠ થયેલ છે. કિંમત લખવામાં આવી નથી. ખાસ વાંચવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪ [illegible] માસિક.

આ માસિક સપ્ટેંબર માસથી નીકળવું શરૂ થયું છે. તે જૈનધર્મ પ્રકાશના બદલામાં મળવા લાગ્યું છે. તેના ૩ અંકો નીકળ્યા છે. તેની સમાલોચના કરતાં તેના તંત્રી અને પ્રકાશકે કન્યાવિક્રયના નિષેધની જે હકીકત હાથ ધરી છે અને તેને અંગે જે લેખો લખવામાં આવ્યા છે તેને અમે ખાસ આવશ્યક માનીએ છીએ. જો કન્યાઓને વેચવામાં ન આવે, વૃદ્ધવયવાળાને આપવામાં ન આવે, બાળલગ્ન કરવામાં ન આવે તો હૃદયમાં કંપારી ઉઠે એવી વિધવાઓનો સમૂહ દેખાય છે તે બહુજ ઘટી જાય અને પુનર્લગ્નનો સવાલ પણ બહુજ ઘટી જાય. પુનર્લગ્નનો સવાલ ખરીરીતે કહીએ તો કન્યાવિક્રયના કારણથીજ ઉભો થયો છે. તે સાથે પ્રથમની સ્ત્રી છતાં, પુત્રાદિ છતાં, પ્રૌઢ અથવા વૃદ્ધવયે જેઓ ફરી પરણવા નીકળે છે અથવા પ્રથમની સ્ત્રીયાદીકના અભાવે પણ વૃદ્ધવયે જેઓ ફરી ફરીને પરણવા નીકળે છે, તેઓ સ્ત્રીજાતિને કેટલો અન્યાય આપે છે અને કેટલું અઘટિત કરે છે તે કહી શકાય તેમ નથી. આ બાબત માત્ર લેખો લખવા કરતાં દરેક જ્ઞાતિ મેળવી મેળવીને દરેક સ્થાને પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. અમે એ માસિકની પ્રગતિ ઇચ્છીએ છીએ.

## શ્રી ઘાટકોપર સાર્વજનિક જીવદયા ખાતાનો પ્રાથમિક રિપોર્ટ.

આ ખાતું હાલમાંજ ઘાટકોપર ખાતે સ્થાપવામાં આવ્યું છે. તેનો આ પ્રાથમિક રિપોર્ટ વાંચતા એવા ખાતાની ખાસ આવશ્યકતા છે. આ ખાતાએ સ્થપાતાંજ એકદમ બહુ સારી પ્રગતિ કરી છે. અક્ટોબર તા. ૨૪ મી સુધીમાં રૂ. ૯૯૬૩૯) નું ફંડ તો જુદા જુદા કાર્યને અંગે થઇ ગયું છે. અને ૫૫૯ જીવો બચાવ્યા છે. હાલ કામચલાઉ કમીટી નીમી છે, તેમાં પણ ઘણા લાયક ગૃહસ્થો મુંબઇના અને બહારગામના છે. એની અંદર બહોળે ભાગે સ્થાનકવાસી બંધુઓનાજ નામો દેખાય છે, તો મૂર્ત્તિપુજક જૈનોએ અને જૈનેતર દયાળુ ગૃહસ્થોએ તેમાં દાખલ થવાની ખાસ જરૂર છે. એક મુંબઇ શહેરમાં દર વર્ષે કપાતા ૧૪૪૦૦૦ દુધાળા ઢોરની હકીકત એટલી બધી અસરકારક આપી છે, કે તે રીપોર્ટ વાંચવાની ખાસ જરૂર છે. મરેલા ઢોરના અંગોપાંગ (લોહી, હાડકા વિગેરે) નો શું શું ઉપયોગ થાય છે તે પણ ખાસ જાણવાલાયક છે અને તે ઉપરથી જે વસ્તુ ત્યાજ્ય જણાય તે તજવા લાયક છે. અમે એ ખાતાને દરેક દયાળુ બંધુઓએ સહાય કરવી એવી પ્રેરણા કરીએ છીએ અને એ ખાતાની પૂર્ણ રીતે પ્રગતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન એસોસિએશન ઓફ ઈન્ડીયા—મુંબઈ.

શ્રી જૈન એસોસિએશન ઓફ ઈન્ડીયા તરફથી દર વર્ષના રીવાજ અનુસાર સને ૧૯૨૩-૨૪ ના વર્ષ માટે નીચે મુજબ સ્કોલરશીપ આપવામાં આવી છે.

શેઠ કલ્યાણચંદ સૌભાગ્યચંદ સ્કોલરશીપ.

૧૨૦) અજમેરા વલ્લભદાસ જસરાજ કનાતવાળા (સાવરકુંડલા)
ગ્રાન્ટ મેડીકલ કોલેજ—મુંબઈ
૧૦૦) શાહ વીરચંદ મેલાપચંદ. કડોદ—સુરત. વીલસન કોલેજ—મુંબઈ
૫૦) શાહ ચંદુલાલ વનેચંદ—સુરત. એમ. ટી. બી. આર્ટસ કોલેજ—સુરત

શેઠ ગુલાબચંદ દમણીયા સ્કોલરશીપ.

૧૨૦) બાવીશી વાડીલાલ મગનલાલ. ચોકડી—ચુડા
એન. ઈ. ડી. એંજીનીયરીંગ કોલેજ—સિંધ—કરાંચી
૭૦) શાહ મણિલાલ મોહનલાલ. ઈલોલ—મહીકાંઠા. ગુજરાત કોલેજ—અમદાવાદ
૫૦) શાહ. મોતીલાલ પાનાચંદ. પાદરા. કળાભુવન ટેકનીકલ ઈન્સ્ટીટયુટ—વડોદરા

એસોસિએશન હસ્તક વિદ્યાભ્યાસ ખાતેથી.

૧૫૦) શાહ ચંદુલાલ નાનચંદ. અમેરીકા કેમેસ્ટ્રિના અભ્યાસ માટે.
૧૨૦) શાહ ગોરધનદાસ ફુલચંદ. જુનાગઢ. કોલેજ ઓફ એંજીનીયરીંગ—પુના
૧૨૦) પારેખ સુંદરલાલ મનસુખલાલ. ખંભાત. કોલેજ ઓફ એંજીનીયરીંગ—પુના
૭૦) શાહ રતીલાલ મોતીલાલ. ડેરા. બરોડા કોલેજ—વડોદરા
૭૦) દોશી અમૃતલાલ ખીમચંદ. ટીંબા. પાલીતાણા. સુરત સાર્વજનિક કોલેજ—સુરત

બાબુ પન્નાલાલ પુનમચંદ જૈન સ્કોલરશીપ.

૧૦૦) ધોળકીયા કાંતિલાલ મણિલાલ. વઢવાણ કેમ્પ. ગ્રાન્ટ મેડીકલ કોલેજ—મુંબઈ
૫૦) શાહ ચતુરદાસ મણિલાલ. ધ્રાંગધ્રા. સેન્ટ ઝેવીયર કોલેજ. મુંબઈ.

૧૧૯૦)

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

આ સંસ્થા તરફથી દરવર્ષે લેવામાં આવતી ધાર્મિક હરીફાઈની ઈનામી પરીક્ષા સં. ૧૯૮૦ ના માગશર વદિ. ૭. તા. ૩૦-૧૨-૧૯૨૩ ના રોજ લેવામાં આવશે.

પરીક્ષામાં બેસવા ઈચ્છનાર ઉમેદવારોએ તથા સંસ્થાઓ અને પાઠશાળાઓ જેમના તરફથી વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના હોય તેમણે અરજીફોર્મ તથા ઉમેદવારોએ ભરી મોકલવાનું ફોર્મ સેક્રેટરી શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ. નં. ૫૬૬. પાયધુની. મુંબઈ નં. ૩. એ શિરનામે પત્ર લખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. ભાગ ૪ થો. સ્થંભ ૧૯થી૨૪.

કિંમત રૂ. ...

આ ભાગ હાલમાં બહાર પડ્યા છે. એમાં એ ગ્રંથ પૂર્ણ થયો છે. એની [illegible] બહુ થોડી બચેલી નથી, છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને અને સાધ્વીજીને ભેટ આપાયેલ છે. જે મંગાવે તે સર્વને ભેટ આપવાના સંબંધમાં [illegible] લાઇફ મેમ્બરોને કિંમતમાં એક રૂપીયો ઓછો લેવામાં આવે છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. બહુજ ઉપયોગી છે.

## શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર દશે પર્વ મળી શકે છે.

### દરેક જૈન બંધુએ અવશ્ય રાખવા લાયક છે.

વિભાગ ૧ લો. પર્વ ૧-૨. શ્રી ઋષભદેવ-અજિતનાથ ચરિત્ર. ૩-૪-૦

વિભાગ ૨ જો. પર્વ ૩ થી ૬. શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રત સ્વામી સુધીના ચરિત્રો. ૨-૪-૦

વિભાગ ૩ જો. પર્વ ૭-૮-૯. જૈન રામાયણ અને ૨૧-૨૨-૨૩ મા પ્રભુના ચરિત્રો. ૪-૦-૦

વિભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીર સ્વામી ચરિત્ર. ૨-૮-૦

ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂા. ૧૧) લેવામાં આવશે.

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધવાળુંજ છે. તેમાં શ્રી જંબૂસ્વામીનું ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોનાં ચરિત્રો છે. ૧-૮-૦

## શ્રી પ્રિયંકર નૃપ ચરિત્ર ભાષાંતર.

આ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવ ઉપર આપેલું ચરિત્ર છે. તેની આ બીજી આવૃત્તિ છે. બહુ રસિક છે. વાંચવા માંડ્યા પછી પૂરૂં કર્યા શિવાય મૂકાય તેમ નથી, અંત ભાગમાં વધારે ગાથાના ઉવસગ્ગહરં આપેલા છે. કિંમત છ આના રાખેલ છે. પોસ્ટેજ ૦-૧-૬

## પ્રતિક્રમણના હેતુ.

પ્રતિક્રમણ કરનારા દરેક બંધુઓએ-શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરવામાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરના સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ થાય તેમ છે. આવી ઉપયોગી બુક સાધુ સાધ્વીઓએ પણ જેઓ એ ગ્રંથ વાંચી ન શકે તેમણે વાંચવા યોગ્ય છે. કિંમત આઠ આના. પોસ્ટેજ એક આનો.

શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી. હેડ ઓફીસ-ભાવનગર.

સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.

સં૦ ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી. બીજું ડ્રોઇંગ તા.-૧-૧-૨૪ ના રોજ નીકળશે. ટીકીટ ૧૨૫૫૧૦. એક ટીકીટની કિંમત રૂ ૧). ઇનામોની સંખ્યા [illegible] મોટું ઇનામ ૧૫૦૦ નું છે.